Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૩
તા.૦૮-૦૬-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૩

તાપમાન
| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૬ | વડોદરા | ૪૦.૩ |
| અમદાવાદ | ૪૧.૯ | સુરત | ૩૫.૫ |
| ગાંધીનગર | ૪૧.૫ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૦૦૦ સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# મુંબઈમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

## બે દિવસ ભારે વરસાદની આગાહી, બીએમસીના કર્મચારીઓની રજાઓ રદ : આપત્તિને પહોંચી વળવા માટે ત્રણ એનડીઆરએફની ટીમો તૈનાત કરાઈ,નેવી-બીએમસીના જવાનો રેસ્કયુ ઓપરેશન માટે તૈયાર, કોંકણ અને ગોવા ઉપરનું ચક્રવાત ભારે વરસાદ વરસાવશે






મુંબઈ

દક્ષિણ પશ્ચિમ મોનસુને હવે દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પણ એન્ટ્રી કરી લીધી છે. આ પહેલા હવામાન વિભાગ તરફથી ૯મીથી લઈને ૧૧મી જૂન વચ્ચે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી હતી. આ ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ બીએમસી દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા હતા. કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમામ પગલા લેવામાં આવ્યા છે. બીજી બાજુ આજે દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. મુલુંદ, ઘાટકોપર, કુર્લા, દાદર અને પારેલમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. શહેરના ઘણા ભાગોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકો અટવાઈ પડ્યા હતા. ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ હતી. ભારે વરસાદના પરિણામ સ્વરુપે જુદી જુદી એરલાઈન્સોની ફલાઈટો અન્ય એરપોર્ટ ઉપર ડાયવર્ટ કરવામાં આવી હતી. ઓછામાં ઓછી નવ ફલાઈટોને અન્ય એરપોર્ટ ઉપર ડાયવર્ટ કરવામાં આવી ચુકી છે. ખરાબ હવામાન અને ભારે વરસાદના કારણે વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી. બીજી બાજુ મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતી મુંબઈની લોકલ ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ હતી. સેન્ટ્રલ લાઈન ઉપર લોકલ ટ્રેનો ૧૫થી ૨૦ મિનિટ મોડે દોડી રહી છે જ્યારે વેસ્ટર્ન લાઈન ઉપર ૨૫થી ૩૦ મિનિટ મોડે ટ્રેનો દોડી રહી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે જેટ એરવેઝની લંડન-મુંબઈ ફલાઈટને અમદાવાદ વિમાની મથકે ડાયવર્ટ કરવામાં આવી હતી. બીએમસી દ્વારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓની શનિવાર અને રવિવારની સાપ્તાહિક રજા રદ કરી દીધી છે. હવામાન વિભાગ તરફથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. શહેરના અનેક ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો છે. આઈએમડી દ્વારા નોંધવામાં આવેલા આંકડા મુજબ કોલાબામાં સવારે ૮.૩૦થી ૨.૩૦ વાગ્યા વચ્ચેના ગાળામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. શાંતાક્રૂઝમાં પણ એક ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. હાર્બર લાઈન ઉપર ટ્રેનો ૧૫ મિનિટ મોડેથી દોડી રહી છે. બેલાપુર-સીએસએમટી ટ્રેનને તિલકનગર સ્ટેશન પર રોકી દેવાની ફરજ પડી હતી. બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશને અધિકારીઓની રજા રદ કરી અનુસંધાન પાના નં.૬

## આગામી ૪૮ કલાકમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી

નૈઋત્ય ચોમાસુ આગળ વધી રહ્યું છે ત્યારે હવે અપર એર સાયકલોનિક સરક્યુલેશનની અસરથી ગુજરાતમાં પણ ૪૮ કલાકમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આગામી ૧૦ અને ૧૧ જૂનના રોજ દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, સૌરાષ્ટ્રમાં મેહુલાનું આગમન થશે. જોકે અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમ નબળી પડતા હવે ભારે દક્ષિણ ગુજરાતમાં વરસાદની સંભાવના ટળી ગઈ છે. હવે દક્ષિણ ગુજરાતમાં સામાન્ય વરસાદ પડી શકે છે.

બીજી તરફ, બુધવારે હવામાં ભેજનું પ્રમાણ સામાન્યથી વધુ રહેતા લોકોએ બફારો સહન કરવો પડ્યો હતો. આગામી દિવસમાં અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાથી ગરમી ઘટવાની સંભાવના છે.

અમદાવાદનું તાપમાન પણ ૪૧.૯ ડિગ્રી સુધી પહોંચી જવાની સાથે સાથે હવામાં ભેજનું પ્રમાણ સામાન્યથી વધુ રહેતા લોકો પરસેવે નીતરતા જોવા મળ્યા હતા. બુધવારે ૪૨.૩ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી હોટ શહેર બન્યું હતું. ડીસા ૪૧.૬ ડિગ્રી, ગાંધીનગર ૪૧.૫, વલ્લભ વિદ્યાનગર ૪૧.૫, વડોદરા ૪૦.૩ પારો રહ્યો હતો.

## વિચાર વૈભવ...

### યૌવન અનુકરણ માર્ગે ?

ગુજરાતનું યૌવન અત્યારે કયા માર્ગે છે? આમ તો આ એક પરિસંવાદનો વિષય છે. પહેલી નજરે તો એવું દેખાય છે કે યુવાનોનો બહુ મોટો વર્ગ અનુકરણના માર્ગે આગળ જઈ રહ્યો છે. આખું ટોળું જે દિશામાં જાય એ દિશામાં આપણે જવું એમ તેઓ માને છે. આને કારણે વિવિધ વિદ્યાશાખાઓમાં કોઈવાર ભરતી કે કોઈવાર ઓટ આવ્યા કરે છે. હૃદયની પવિત્રતા અને સંબંધોની સમજણ વિના તેઓ આ જ રીતે કોઈવાર વેલેન્ટાઈન ડેમાં પણ તણાઈ જાય છે. તેમને ખબર નથી કે વિદેશમાં યુવાનો માત્ર વેલેન્ટાઈન ડે ઉજવતા નથી તેઓ ફાધર્સ ડે, મધર્સ ડે, એનવાયરમેન્ટ ડે એવા કંઈ કેટલાય કલ્યાણકારી દિવસોની ઉજવણી કરે છે. આ યુવાનો પશ્ચિમના કેલેન્ડરમાંથી એકમાત્ર વેલેન્ટાઈન ડે જ ઉપાડી રહ્યા છે. એનો પણ પુનઃ વિચાર થવો ઘટે. હવે તો યુનિવર્સિટીઓ પણ યુવા શિબિરોનું આયોજન કરવા લાગી છે. તે સારી બાબત છે. પરંતુ બહુ મોટા સમૂહને બદલે નાના જૂથોમાં જો આ શિબિર થાય તો એ લોકોને વાત ગળે ઉતરે અને જીવનને એક હકારાત્મક વળાંક પરિવર્તન લાવવાનું શકય બને. યુવાનોએ પોતાના લક્ષ અને દિશા જાતે જ નક્કી કરવું જોઈએ એ માટે પ્રભુએ એને પુરતી શકિત અને સામર્થ્ય આપેલા છે. એમણે કોઈનું ય અનુકરણ કરવાની જરૂર નથી. કારણ કે એમના જેવું અનોખુ આ પૃથ્વી પર બીજું કોઈ નથી.

ગિજુભાઈ ભરાડ

## સાર સમાચાર...

### કાશી વિશ્વનાથ મંદિર ઉડાવી દેવાની આતંકવાદીની ધમકી

નવીદિલ્હી

વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિર પર ફરી એકવાર ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. વિતેલા વર્ષોમાં પાંચ વખત આ મંદિરને ટાર્ગેટ બનાવીને ત્રાસવાદીઓ હુમલા કરી ચુકયા છે. ફરી એકવાર ચેતવણી મળ્યા બાદ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. મંદિરની આસપાસ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. વારાણસી સ્ટેશન અને બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન ખાતે, અન્ય જગ્યાઓ ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી છે. આતંકવાદી સંગઠન લશ્કરે તોઈબા તરફથી આઈબીને કાશી વિશ્વનાથ મંદિરને ટાર્ગેટ બનાવવા સાથે સંબંધિત ધમકીભર્યો પત્ર હાથ લાગ્યો છે જેના લીધે તંત્રમાં ભાગદોડ મચી ગઈ છે. સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. બીજી જૂનના દિવસે જારી કરવામાં આવેલા પત્રમાં કાશી વિશ્વનાથ મંદિરને ૮મી જૂન વચ્ચેના ગાળામાં ટાર્ગેટ બનાવવાની વાત કરવામાં આવી છે.

## ગતકડું....

- દેવન વ્યાસ



ભાઈ, મોંઘવારી - ભ્રષ્ટાચાર જેવી ભ્રષ્ટ બાબતોની ચર્ચા મારી પાસે ન કરવી...!!

## બનાસકાંઠા વન વિભાગ કચેરીના હેડકલાર્કની બદલી



(સંજય જોષી)

### એસીબી દ્વારા રૂપિયા ૮૫ લાખના કામોની તપાસ હાથ ધરાઇ

પાલનપુર

બનાસકાંઠા એસીબીની ટીમે તાજેતરમાં દાંતીવાડાના આર. એફ.ઓ.ને લાંચ લેતા ઝડપી લીધા હતા. જે બાદ તપાસમાં તેમના મકાનમાંથી નાણાં ભરેલા કવર મળી આવ્યા હતા. જેના ઉપર અધિકારીઓના નામ પણ લખેલા હતા. આ દિશામાં એસીબી દ્વારા તપાસ ચાલી રહી છે. ત્યારે બનાસકાંઠા ડીએફઓની બદલી બાદ હેડ કલાર્કની પણ બદલી થવા પામી છે. બીજી તરફ એસીબીએ વન વિભાગ બરોડાના એન્જિયરો સાથે મળી બનાસ કાંઠામાં ચાલતા વન વિભાગના કામોની તપાસ હાથ ધરી કવરમાં મળી આવેલા નાણાં સુધી પહોચવા તપાસ શરૂ કરતા અધિકારી-કર્મચારી ઓમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે. દાંતીવાડા નોર્મલ રેંજના ફોરેસ્ટ અધિકારી અનુસંધાન પાના નં.૬

નગરજનોને 'ભ્રષ્ટાચાર મુક્ત વિકાસ'ની પ્રતીતિ....

## ડીસા નગરપાલિકાનો વેપારી અભિગમ : અઢી વર્ષમાં ૬૦ કરોડની ગ્રાન્ટમાંથી ૮૪ કરોડના કામો કરાવ્યા







ડીસા

બનાસકાંઠાની ડીસા નગરપાલિકાની હાલની બોડીએ છેલ્લા અઢી વર્ષમાં સવાયુ કામ કરી બતાવ્યું છે. એક સમયે ભારતના તત્કાલીન વડાપ્રધાને કેન્દ્ર સરકાર એક રૂપિયો મોકલે ત્યારે લાભાર્થી સુધી ૧૫ પૈસા જ પહોંચે છે એવું જાહેર નિવેદન આપી દેશવાસીઓને ચોંકાવી દીધા હતા.જોકે આવા નિવેદનથી તદ્દન વિપરીત કામ ડીસા શહેરમાં સ્થાનિક પાલિકા દ્વારા થયું છે.ડીસા નગરપાલિકાને સરકાર દ્વારા અપાતી એક રૂપિયાની ગ્રાન્ટમાં ડીસા નગરપાલિકાએ સરેરાશ ૧.૪૦ રૂપિયાનું કામ કરી બતાવ્યું છે.ડીસા નગરપાલિકાએ સરેરાશ ૧૦૦ રૂા. નું ટેન્ડર ૩૦% નીચે આપતા ૧૦૦ રુપિયાનું કામ ૭૦ રૂપિયામાં જ થઈ રહ્યું છે એટલે કે સરેરાશ ૧૦૦ રૂપિયાના કામમાં પાલિકાએ ૩૦ રુપિયાની બચત કરી છે અને આ બચત થયેલ ૩૦ રુપિયાનું પણ ફરી ટેન્ડરિંગ કરી ૩૦% નીચે આપતા ડબલ બચત કરી ૧૦૦ રૂપિયાની ગ્રાન્ટમાંથી ૧૪૦ રૂપિયાના કામ કરાવી ડીસા નગરપાલિકાના વર્તમાન પ્રમુખે સાચા અર્થમાં વેપારી અભિગમની પ્રતીતિ કરાવી છે.

માહિતગાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ છેલ્લા અઢી વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ડીસા નગરપાલિકાને કુલ ૬૦ કરોડ રૂપિયાની ગ્રાંટ ફાળવાઈ હતી.જોકે ઉત્સાહી પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળીએ રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી હાથ ધરાયેલા કામોમાં પણ વેપારી અભિગમ દાખવી સવાયા કરતા પણ વધુ કામ કરાવી સ્વચ્છ અને પારદર્શક અનુસંધાન પાના નં.૬

એશિયામાં પ્રથમ વાર સીટી સર્વેલન્સ પ્રોજેક્ટનું અમલીકરણ કરનાર ડીસા નગરપાલિકાએ અન્ય મોરચે પણ દેશને 'દિશા' ચીંધી...!

## રાજસ્થાનના જૈન તીર્થમાં આગ લાગતાં અફડાતફડી




(એન.કે.મોદી)

ધાનેરાથી ૪૦ કિ.મી. દુર સાંચોર નજીક માખુપુરાની પાસે આવેલ જૈન તીર્થ પાર્શ્વ શાંતિધામમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી હતી. જેમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ગુજરાતના ડીસા- ધાનેરાથી ફાયર ફાઈટર મોકલી દેવામાં આવેલ છે. પાર્શ્વ શાંતિધામમાં પ્રદર્શની પાંડાલમાં આગ લાગી છે. આગ શાના કારણે લાગી છે. તેથી હજુ સુધી ખબર પડી નથી. પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ કરી રહી છે.



સૂર્યોદય - ૫.૫૫ સૂર્યાસ્ત - ૭.૨૩

## તિથિદર્શન

જેઠ વદ-૯ શુક્રવાર ૨૦૭૪

૩ શુ. | ૧ બુ. | ૪ રા. | ૨ સુ.લ. | ૧૨ ચં. | ૫ | ૧૧ | ૬ | ૮ | કે.૧૦ મં. | ૭ ગુ. | ૯ શ.

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :નોમ શુક્રવાર નક્ષત્ર:રેવતી રાત્રે ૧૧.૧૦ પછી અશ્વિની યોગ :સૌભાગ્ય કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) રાત્રે ૧૧.૧૦ પછી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**સંસ્થિતસ્ય ગુણોત્કર્ષઃ પ્રાયઃ પ્રસ્ફુરતી સ્કુટમ્**
**દગ્ધસ્યાગરૂખંડસ્ય, સ્ફારી ભવતિ સૌરભમ્**

'જેમ, ધૂપ-અગરબત્તીના બળવાથી તેની સુગંધ આસપાસ બધે જ ફેલાઈ જાય છે તેવી જ રીતે સજ્જન માણસમાં રહેલા સદ્‌ગુણોની ઉત્કૃષ્ટતાને પરિણામે તેની સુવાસ- કીર્તિની સૌરભ પણ આપોઆપ ફેલાવા લાગે છે.' જે સજ્જન છે અને ત્યાગ- સેવા- સમર્પણ સાથે નમ્રતા- વિવેક જેવા સદ્‌ગુણો ધરાવે છે. સત્ય- સ્પષ્ટવક્તા અને વર્તન- આચરણમાં જે નિષ્ઠાવાન છે એને પોસ્ટરો ચોંટાડી પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. કામ ખુદ જ બોલે છે. કર્મ એ જ એનો સંદેશ- પ્રચારક છે. સદ્‌ગુણની સુગંધ આપોઆપ ફેલાય છે. સત્ય અને સ્પષ્ટવક્તા, નિર્દોષ તટસ્થ અને ચારિત્ર્યના ચોખ્ખા એવા અન્ના હજારે તદ્દન સાદા સજ્જન છે. મિલિટરીના ડ્રાઈવર તરીકે નિવૃત્ત થઈ રાષ્ટ્રીય ભાવના સાથે રાષ્ટ્ર માટે નાની નાની ન્યાય સામે લડતો કરી ગાંધીવાદી સિદ્ધાંત સાથે કોઈ પણ સ્વાર્થની અપેક્ષા રાખ્યા વિના લડ્યા અને અન્યાય સાથે જીતતા રહ્યા. સૌ પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરે 'લોકપાલ'ની માંગણી સાથે રાષ્ટ્રીય લડત ઉપાડી, ઉપવાસ કર્યા અને સરકાર ઝૂકી... (રાજરમત એ નેતાઓના લોહીમાં છે તેથી તેનું પરિણામ તો આવે ત્યારે) પણ અન્ના હજારે સત્યવાદી ગાંધીવાદીની સૌરભ દેશ- વિશ્વ સુધી પ્રસરી ગઈ.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.**
**વૃષભ : (બ.વ.ઉ.)મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.**
**મિથુન : (ક.છ.ઘ.)કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.**
**કર્ક : (ડ.હ.) માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.**
**સિંહ : (મ.ટ.)સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.**
**તુલા : (ર.ત.)પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.**
**વૃશ્ચિક : (ન.ય.)બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.**
**ધન : (ભ.ફ.ધ.) માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃધ્ધિ થાય.**
**મકર : (ખ.જ.)મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.**
**કુંભ : (ગ.શ.સ.)વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.**
**મીન : (દ.ચ.જ.થ.)સંપત્તિ સંબંધિ કાર્યમાં સફળતા મળે.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

ઈસ્લામ ધર્મના મહાન પયંગબર હજરત મહંમદ પયંગબરની પુણ્યતિથિ છે. એક કોમ, એક રાજય અને એક ધર્મનો ઉચ્ચ આદર્શ અપાવનાર મહંમદ પયંગબર સાહેબનો જન્મ તા. ૨૩/૪/૫૭૦ના રોજ મક્કા શહેરમાં થયો હતો. તેઓ બાળપણથી જ એકાંતપ્રિય અને ચિંતન પાછળ સમય વ્યતીત કરતા હતા. મક્કાની ઉત્તરે આવેલા હીરા પહાડની ગુફામાં તેઓ ચિંતન કરતા હતા ત્યારે એક દિવસ એમને ગેબી અવાજો સંભળાયા. 'ઊઠ! ઊભો થા અને લોકોને પયગામ પહોંચાડ કે, 'અલ્લાહ એક જ છે અને મહંમદ તેના પયંગબર છે.''

પરંતુ તેમના જ વિરોધીઓએ તેમને મારી નાખવાનું કાવતરું ઘડ્યું. મહંમદ સાહેબને એની જાણ થતાં તેઓ અને હઝરત અબુબક મક્કા છોડી મદીના તરફ ઈ.૬૨૨ની ૧૬ જુલાઈના રોજ 'હિઝરત' કરી ગયા. આ દિવસની યાદમાં હિઝરી સંવતી શરૂઆત થઈ છે. આ મહામાનવે ૬૨ વર્ષની ઉંમરે ઈ.સ. ૬૩૨ના જુન માસની આઠમી તારીખે દેહ છોડ્યો. તેમના અવસાનનો દિવસ મુસ્લિમો 'ઈદેમિલાદ' કે બારેવફાત' તરીકે ઊજવે છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૮.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૭.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૬૧ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૧૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૭૪૪ પોઈન્ટ થી ૧૦૭૩૦ પોઈન્ટ, ૧૦૭૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૧૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૭.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૫૫૮ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૬૬૬ પોઈન્ટના પ્રથમ અને ૨૬૭૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૫૧૭ પોઈન્ટ થી ૨૬૪૯૪ પોઈન્ટ, ૨૬૪૦૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**તાતા કેમિકલ ( ૭૪૪ ) :- તાતા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૭૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૭૨૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૭૫૭ થી રૂ.૭૬૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૭૭૨ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**તાતા સ્ટીલ ( ૬૦૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૫૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૫૮૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૬૧૩ થી રૂ.૬૧૬ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા ( ૪૪૩ ) :- રૂ.૪૨૭ નો પ્રથમ તેમજ રૂ.૪૧૬ ના બીજા સપોર્ટથી ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૪૫૭ થી રૂ.૪૬૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**લજીઉ સ્ટીલ ( ૩૪૪ ) :- સ્ટીલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૫૭ થી રૂ.૩૬૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**યસ બેન્ક ( ૩૪૧ ) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૩૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૪૭ થી રૂ.૩૫૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**એશિયન પેઈન્ટ ( ૧૨૮૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ પેઈન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૨૯૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૭૩ થી રૂ.૧૨૬૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ભારત ફાઈનાન્સિયલ ( ૧૧૬૮ ) :- રૂ.૧૧૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૯૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૫૭ થી રૂ.૧૧૫૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૦૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ ( ૧૦૪૫ ) :- સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૭૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૦૩૦ થી રૂ.૧૦૧૯ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**બાટા ઈન્ડિયા ( ૭૬૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફૂટવેર સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૮૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૫૭ થી રૂ.૭૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૭૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**જેટ એરવેઝ ( ૪૧૩ ) :- રૂ.૪૨૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૩૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૦૩ થી રૂ.૩૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૪૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# રૂા. ૮૦ લાખની કિંમતનો શંકાસ્પદ જીરાનો જથ્થો જપ્ત

ઊંઝા

વેપારી મથક ઊંઝાથી કચ્છના મુંદ્રા બંદરે બે કન્ટેનરો મારફતે પરદેશના ઈજિપ્ત દેશમાં જઈ રહેલ જીરૂના શંકાસ્પદ જથ્થો ભરેલ બે વાહનોને માર્ગમાં પાટણ નજીક ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓએ પોલીસની મદદથી અટકાવીને જથ્થો મોકલનાર પાર્ટીના ત્યાં પરત લઈ જઈને તપાસ અર્થે બે બેગ નમુના તરીકે લઈ કુલ ૮૦ લાખ ઉપરાંતની કિંમતની મત્તાનો ૨૦૮૦ બેગોમાં ભરેલ બાવન હજાર કિલો વજનનો જીરાનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી છે.

વિગત એવી છે કે, ખોરાક અને ઔષધ નિયમનતંત્ર મહેસાણા અને પાટણના અધિકારીઓની ટુકડી શંકાસ્પદ જીરાની તપાસમાં હતી. ત્યારે વેપારી મથક ઊંઝાથી કચ્છના મુંદ્રા તરફ બે વાહનોમાં જીરૂ ભરેલા શંકાસ્પદ કન્ટેનરો ઈજીપ્ત એક્સપોર્ટ માટે જઈ રહ્યા હતા. તેને પાટણ નજીક માર્ગમાં અટકાવ્યા હતા અને પાટણ લોકલ ક્રાઈમ બ્રાંચની મદદથી અટકાયત કરેલા કન્ટેનરો સપ્લાય/ એક્સપોર્ટર પાલડીયા કોર્પોરેશન બ્રાહ્મણવાડા તા. ઊંઝા ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફૂડ સેફટી એક્ટ મુજબ બે બેગ નમુના તરીકે લઈ ૨૫ કિલો વજનની એક બેગ એવી ૨૦૮૦ બેગોમાં ભરેલ બાવન હજાર કિલો (૨૬૦૦ મણ) વજનનો શંકાસ્પદ જીરાનો જથ્થો કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓ દ્વારા જપ્ત કરાયેલ શંકાસ્પદ જીરૂના જથ્થાની કિંમત અંદાજે રૂપિયા ૮૦,૦૮,૦૦૦ ની થવા જાય છે.

તાજેતરમાં મસાલાની ચીજ જીરૂની પરદેશમાં થતી નિકાસમાં કેટલાક ભેળસેળયુક્ત માલોની પણ નિકાસ થતી હોવા બાબતે ફરિયાદો ઉઠી હતી. છેલ્લા ઘણા વર્ષોથી ઊંઝા તાલુકામાં મસાલાની ચીજો જીરા અને વરિયાળીમાં ભેળસેળની પ્રવૃત્તિએ માઝા મુકી દીધી હોવાનું ચર્ચાય છે.

## ડીસાના પ્રતિભાશાળી મહિલાની રાજયપાલ દ્વારા સેનેટ સભ્ય તરીકે નિયુક્તિ

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ તરીકે સીધી નિમણુંક કરાઈ**

ડીસા

ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ ઓ.પી.કોહલી દ્વારા ડીસાના પ્રતિભાશાળી મહિલા ની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય તરીકે સીધી નિયુક્તિ કરવામાં આવી છે.



ડીસાના વતની અને શેઠ એમ. એન. લૉ કોલેજ પાટણ ખાતે અધ્યાપિકા તરીકે ફરજ બજાવતા તેમજ રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા રબારી સમાજના પ્રતિભાશાળી મહિલા ડૉ. અવનીબેન ફતાભાઈ આલની ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલશ્રી ઓ.પી.કોહલી દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના બોર્ડમાં સેનેટ મેમ્બર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. રાજયપાલશ્રી દ્વારા નિયુક્ત કરાયેલા આઠ સભ્યોમાં ડૉ. અવનીબેન એકમાત્ર મહિલા સભ્ય છે. ડૉ. અવનીબેન અગાઉ પણ સમાજ કલ્યાણ વિભાગમાં ઉચ્ચ અધિકારી તરીકે સેવા આપી ચૂક્યા છે.તેઓની યુનિવર્સિટીમાં સેનેટ મેમ્બર તરીકે સીધી નિયુક્તિથી તેઓએ ડીસા સહિત બનાસકાંઠા જિલ્લા અને રબારી સમાજનું ગૌરવ વધાર્યું છે.

## દશનામ ગોસ્વામી સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા મૃતકના વારસદારોને ચેકનું વિતરણ



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ગત બુધવારને તા. ૬/૬/૨૦૧૮ ના રોજ પાલનપુરના કરજોડા ગામે દશનામ ગોસ્વામી સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા મૃતક સભ્યના વારસદારોને રૂા. ૬૯૩૬૦/- આર્થિક સહાયનો ચેક વિતરણ કરાયો હતો.

કરજોડાના ગલબીબેન વી.ગોસ્વામીને દશનામ ગોસ્વામી સમાજ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ રતુભારથી એમ. ગોસ્વામી (વણસોલ), ઉદ્યોગપતિ બાબુગીરી એલ. ગોસ્વામી (પટોસણ) , કેશરગીરી ગોસ્વામી (સાગ્રોસણા) ના હસ્તે રૂા. ૬૯૩૬૦/- આર્થિક સહાયનો ચેક અર્પણ કરાયો હોવાનું ટ્રસ્ટના સૂત્રોએ જણાવ્યું હતું.



મનીષ જોષી

ગુજરાત સરકાર દ્વારા સુજલામ સુફલામ જળ સંચય અભિયાન શરૂ કરાયુ છે. આ અભિયાનમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રાજયના ૨૮ ગામોમાં જેસીબી, એસ્કેવેટર મશીન ફાળવી સેવા કાર્ય કરી રહી છે. તે પૈકી વડોદરા જિલ્લાના સિંધરોટ સહિતના ત્રણ ગામોમાં જેસીબી ફાળવાયા છે.

## આરઈએમસીમાં કમાન્ડોની તાલીમ માટે પસંદગી

વડોદરાની કલેક્ટર કચેરીમાં ના. હિસાબનીશ ભરત પાઠક અને શિક્ષિકા માતા ડિમ્પલ પાઠકે પોતાના વહાલસોયા દીકરા યજ્ઞને દેશની સેવા કરવા , બહાદૂર સૈનિક બનાવવા જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડી મોકલ્યો હતો.યજ્ઞનું ધ્યેય દહેરાદૂનની રાષ્ટ્રીય ઈન્ડિયન મિલીટરી કોલેજમાં પસંદ થવાનું હતું. તેથી યજ્ઞએ સન ૨૦૧૮ના એપ્રિલ માસમાં તેની પરીક્ષા આપી પછી પર્સનલ ઈન્ટરવ્યુ અને તબીબી તપાસ સહિતના પરીક્ષણમાં તે ૧૨ વર્ષની નાની ઉંમરમાં પાસ થઇ ગયો. હવે તે આરઈએમસી માં કમાન્ડોની તાલીમ માટે ગુજરાત રાજયની એક માત્ર સીટ પર પસંદગી પામ્યો છે.



યજ્ઞએ રાજયનું નામ ગૌરવવંતુ કર્યુ છે. નિરંજન જોષી દ્વારા લેવાયેલી તસવીરમાં યજ્ઞ જોવા મળે છે.

## ઈન્ટેક્ટ ઈન્ડિયા ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં શાળા મહોત્સવ યોજાયો



દાંતીવાડા

દાંતીવાડા કોલોનીમાં પાલનપુર હાઈવે ઉપર આવેલ વ્રીન્દાવન કમ્પ્લેક્સ માં ઈન્ટેક્ટ ઈન્ડિયા ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે કોલોનીના સમાજસેવી શ્રી અશોકભાઈ ભોજાણી ને વ્રધ્ધ હસ્તે માં સરસ્વતી વંદના અને દીપ પ્રજલ્લવિત કરીને શાળા માં શાળા મહોત્સવ કાર્યક્રમ યોજાયો હતો, આ કાર્યક્રમ નીલપુર બ્રાહ્મણવાસ પંચાયતના સદસ્ય અમિતભાઈ જોશી, હરિભાઈ સિકરીયા, પોપટસિંગ અભિક્તા ભારતીય જીવન બીમાં દાંતીવાડા કોલોની, અશ્વિનભાઈ જોશી, કાર્યક્રમનું સફળ સંચાલન કરનાર પ્રવીણભાઈ ગલચર, રાજુભાઈ ચૌધરી,શંકરસિંહ નવાજી રાજપૂત બિપીનકુમાર, સુરેશભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ જોશી, શાળા માં શિક્ષિકા નું ફરજ નિભાવતા શ્રીમતી અંજુ માથુર, શ્રીમતી મનીષા યાદવ, શ્રીમતી દેવિકાબેન પાતાની અને શ્રીમતી ગૌરીબેન સહીત તમામ ગણમાન્ય મહેમાન દ્વારા બાળકોનું તિલક અને મુહ મીઠું કરીને સ્વાગત કરવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં બાળકોના વાલિયોની હાજરીમાં કાર્યક્રમનું સફળ આયોજન સાથે દાંતીવાડા કોલોનીના પ્રથમ અંગ્રેજી માધ્યમની સ્કૂલનું શુભારંભ ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું, સંસ્થાનના મુખ્ય સંચાલક ભરતભાઈ જોશી કાર્યક્રમને સફળ બનાવા માટે પધારેલ મેહમાનો નો આભાર વ્યક્ત કર્યો હતો .

## આર્ટ્સ કોલેજ લવાણાનું ગૌરવ

પ્રતિનિધિ લવાણા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલ બી.એ સેમેસ્ટર -૨નું પરિણામ જાહેર થતાં આર્ટસ કોલેજ લવાણાનું પરિણામ ૯૬.૭૬ ટકા આવેલ છે જેમાં પ્રથમ ક્રમે વાઘેલા (રાજપૂત) અમરતભાઈ દેવજીભાઈ (ચાળવા) ૭૮.૨૭ ટકા બીજા ક્રમે રાજપૂત (વેણ) રમીલાબેન ભલાભાઈ (જેતડા) ૭૮.૧૩ ટકા ત્રીજા ક્રમે ચૌધરી રેખાબેન હીરાલાલ (મકડાલા) ૭૭.૮૭ ટકા ચોથા ક્રમે પઢાર (રાજપૂત) પ્રિયંકાબેન સૂબાભાઈ (ચિભડા)૭૭.૩૩ ટકા તેમજ પુરોહિત ભારતીબેન ઈશ્વરભાઈ (મોરિલા) ૭૭.૩૩ ટકા પાંચમા ક્રમે વેણ (રાજપૂત ) ભારતીબેન વણાભાઈ (જેતડા)૭૮.૮૦ ટકાસાથે ઉત્તીર્ણ યેલ છે.

પરીક્ષામાં જલવંત સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓ ભાઈઓ અને બહેનોને માનવનિકેતન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. યુ.કે રાજપૂત રાજપૂત સમાજ કોલેજ પરિવાર તથા સંચાલક મંડળ દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા તેમજ ભવિષ્યમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉતરોતર પ્રગતિ ના સોપાન સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## રાધે સાયન્સ સ્કુલ, ભાભરનું ગૌરવ

તા.પ્રતિનિધિ ભાભર

ધોરણ-૧૨ એચએસસીની કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલ સીબીએસઈ નીટ- ૨૦૧૮ પરીક્ષામાં ભાભર રાધે ઈન્ટરનેશનલ સ્કુલ ઓફ સાયન્સ, ભાભરના દેસાઈ દર્શન મગનભાઈએ



૩૫૩ માર્કસ સાથે સીબીએસસી નીટ રીઝલ્ટ- ૨૦૧૮ માં સૌથી વધુ પરિણામ મેળવી ભાભર તાલુકામાં પ્રથમ સ્થાન જાળવી રાખીને રાધે ઈન્ટરનેશલ સ્કુલ પરિવારનું, દેસાઈ સમાજનું અને ભાભર તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

## ગુજરાતમાં હળવા વરસાદી ઝાપટાં પડવાની શક્યતા

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદની આગાહી તંત્ર દ્વારા અકબંધ રાખવામાં આવી છે. મુંબઈમાં ભારે વરસાદ બાદ હવે ગુજરાતમાં પણ વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. બીજી બાજુ ગરમીનું પ્રમાણ હજુ પણ ઉંચુ રહ્યું છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન રાજ્યમાં સૌથી વધુ નોંધાયું હતું. અમદાવાદમાં પારો ૪૨.૩ ડિગ્રી રહ્યો હતો જે સૌથી વધુ ગરમ રહ્યો હતો. આ ઉપરાંત અન્ય કેટલાક ભાગોમાં પણ પારો ૪૧થી ઉપર રહ્યો હતો. બપોરના ગાળામાં લોકો ગરમીના કારણે ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગના કેસોમાં વધારો નોંધાયો છે. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. રસ્તાઓ ગરમીના કારણે સુમસામ રહ્યા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે પ્રમાણમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો. જો કે, બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડવાની

અનુસંધાન પાના નં.૬

## એકલા હાથે ચૂંટણી લડવાના પ્રશ્ને શિવસેના હજુય મક્કમ

નવીદિલ્હી

ભાજપ પ્રમુખ અમિત શાહ અને શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે વચ્ચે ગઈકાલે યોજાયેલી બેઠક ફ્લોપ રહ્યા બાદ બંને પાર્ટીઓ પોતપોતાનીરીતે તૈયારીમાં લાગી ગઈ છે. આ મુલાકાત બિનઅસરકારક રહી છે. અલબત્ત વાતચીતનો દોર હજુ ચાલું રહેનાર છે. શિવસેનાના નેતા સંજય રાવતે આજે કહ્યું હતું કે, પાર્ટી એકલા હાથે લોકસભા ચૂંટણીમાં ઉતરશે. તેમણે કહ્યું છે કે, શિવસેનાની રાષ્ટ્રીય કારોબારીમાં એક પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, અમે આવનાર ચૂંટણી એકલા હાથે લડીશું. જો કે, બંને નેતાઓ વચ્ચેની બેઠક કેટલાક મુદ્દા પર ફળદાયી રહી હતી. અમિત શાહ અને ઠાકરેએ આશરે અડધા કલાક સુધી વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન કયા મુદ્દા પર ચર્ચા થઇ છે તે વાત જાણી શકાય નથી પરંતુ એમ માનવામાં આવે છે કે, ભાજપ તરફથી શિવસેના તરફથી લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધન જારી રાખવાની વાત કરવામાં આવી છે.

અનુસંધાન પાના નં.૬

## વીવો પ્રો કબડ્ડીની હરાજીના બીજા દિવસે કેટેગરી Bના રાઈડર પ્રશાંત કુમાર રાયે ૭૯ લાખની કમાણી કરી

મુંબઈ

ભારતની સૌથી મોટી નોન-ક્રિકેટ લીગ વીવો પ્રો કબડ્ડી એ ઐતિહાસિક સિમાચિહ્ન સાથે સિઝન-૬ના ખેલાડીનું ઓકશન પૂર્ણ કર્યું છે. મોનૂગોયતે કબડ્ડી ઈકોસિસ્ટમના તમામ રેકોર્ડ તોડી દીધા છે. તેણે ૧.૫૧ કરોડ રૂપિયાની કમાણી કરી છે જે કબડ્ડીના ઈતિહાસમાં નોન-ક્રિકેટ સ્પોર્ટ્સમેનને ચૂકવણી કરવામાં આવેલી અત્યાર સુધીની સૌથી મોટી રકમ બની ગઈ છે.

વિદેશી ખેલાડીઓમાં ફઝલ અટ્રાચાલી છે જેમણે ૧ કરોડ રૂપિયા કરી છે જે એક દિવસની સૌથી ઊંચી ચૂકવણી છે. રાહુલ ચૌધરી જેવા અન્ય સ્ટાર મર્કયુ પ્લેયર્સ જેમને ૧.૨૯ કરોડ રૂપિયાની એફબીએમ મારફતે તેલુગુ ટાયટન્સ દ્વારા જાળવી રાખયાં છે. દિપક નિવાસી હુડ્ડા જેમને ૧.૧૫ કરોડમાં જયપુર પિંક પન્થર્સ દ્વારા ખરીદવામાં આવ્યો હતા અને ઓક્શનમાં મહત્વપૂર્ણ એક્વિઝિશન નીતિન તોમર જેમને ૧.૧૫ કરોડમાં પુનેરીપલ્ટન દ્વારા ખરીદવામાં આવ્યા છે. ઓક્શનના અંત સુધીમાં ૪૨૨ ખેલાડીઓ પાછળ ૪૫.૯૩ કરોડનો ખર્ચ કરાયો છે જે સિઝન-૫ ઓક્શન કરતાં ઘણી ઊંચી રકમ છે.

ઓક્શનના પ્રથમ દિવસે કેટેગરી- છ સ્ટાર્સ ખેલાડીઓનું પ્રભુત્વ રહ્યું છે. બીજા દિવસે ફ્રેન્ચાઇઝીએ રણનીતિની અનુરૂપ અનુભવી અને યુવાન ખેલાડીઓ વચ્ચે યોગ્ય સંતુલન બનાવી રાખવાની યોજના બનાવી હતી જેથી વિજેતા બનવા માટેની ટીમની તૈયાર કરી શકાય. ઓક્શનના બીજા દિવસે કેટેગરી- ત્ર, ઝ અને ઢના ભારતીય ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. પ્રશાંત કુમાર રાયને ટીમ યુપી યોદ્ધાસ દ્વારા ૭૯ લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. જે બીજા દિવસની સૌથી ઊંચી ખરીદી હતી.'' વ્યક્તિગત પ્રતિભાના સ્કોરના વધારા સાથે વીવો પ્રો કબડ્ડીના છટ્ઠા સિઝનની શરૂઆત થઇ ગઇ છે! ફ્રેન્ચાઇઝી વ્યૂહાત્મક યોજનાઓ તૈયાર કરી અને બે દિવસના સમયગાળામાં તીવ્રતાપૂર્વક બોલી લગાવવામાં આવી હતી. પ્રત્યેક ટીમમાં હવે સ્થાનિક, વિદેશી અને કેટલાંક પ્રતિભાશાળી યુવાન ખેલાડીઓનું ઉત્કૃષ્ઠ સંયોજન છે. ઓક્શનમાં સૌથી ઉંચી બીડ મેળવનાર ખેલાડી મોનૂગોયાટને હુ અભિનંદન પાઠવું છે અને લીગમાં મહત્વકાંક્ષી છટ્ઠી સિઝન માટે નક્કી કરાયેલા દરેક ખેલાડીને શ્રેષ્ઠ બનાવવાની ઈચ્છા રાખું છે.''

# કાણોદરમાં વરસાદી પાણીનો વર્ષોથી નિકાલ ન થતાં આત્મવિલોપનની ચીમકી

**મોટા ભાગનું વરસાદી પાણી એકજ જગ્યાએથી જતા ખેતરોના ધોવાણ સહીત રસ્તા તૂટી જાય છે**

પ્રતિનિધિ છાપી

પાલનપુર તાલુકાના કાણોદર ગામે છેલ્લા અનેક વર્ષોથી વરસાદી પાણીના નિકાલ ન થતા પશ્ચિમ વિસ્તારમાં આવેલા ખેતર માલિકો ભારે યાતના ભોગવી રહ્યા છે ગામનો મોટા પ્રમાણમાં વરસાદી પાણી તેઓના ખેતરના માર્ગોપરથી પસાર થવાના કારણે ખેતરો ના રસ્તાસહિત ખેતરોનું મોટા પ્રમાણમાં ધોવાણ થઈ રહ્યું છે જેને કારણે આ બાબતે ખેતરમાલિક અકબર હસનભાઈ બંગલાવાળા લેખિત રજૂઆત કરી અને આનો નિકાલ તાત્કાલિક નહિ આવે તો આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી

પાલનપુર તાલુકાના કાણોદર ગામે બસ સ્ટેન્ડ વિસ્તારની પાછળના ભાગે આવેલા ખેતરોમાં ગામનો મોટા પ્રમાણમાં વરસાદી પાણી ત્યાંથી પસાર થાય છે ગામમાંથી આવતા પાણી ના વહેણ ના કારણે રસ્તાઓ તૂટી જાય છે તેમજ આ પાણી ખેતરોમાં ફરી વળતા ખેતરોનું મોટાપ્રમાણમાં ધોવાણ થાય છે આ બાબતે ખેતરમાલિક અકબરભાઈ હસનભાઈ બગલાવાળા એ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી ને લેખિત અરજી કરી હતી તેમજ જિલ્લા કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારી સહિત સંબંધિત અધિકારીઓને વરસાદી પાણીનો કાયમી નિકાલ કરવા માગ કરી હતી અને જો નહી કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ છતાં જો યોગ્ય નિકાલ નહિ થાય તો ન છૂટકે આત્મવિલોપન કરવાની ફરજ પડશે તેવી ધમકી ઉચ્ચારતા અધિકારીઓનો ચકચાર મચી જવા પામી હતી.

# ધનેરા ગ્રામ પંચાયતમાં ચોરી

પ્રતિનિધિ કંબોઈ

ધનેરા ગ્રામ પંચાયતમાં ૧૦૫૦૦ રૂ.ના માલ સામાનની ચોરી કાંકરેજ તાલુકાના ધનેરા ગ્રામ પંચાયતમાં તા.૪/૬/૧૮ ની રાત્રે કોઈ અજાણ્યા તસ્કરોએ ગ્રામ પંચાયત ઓફીસ ના તાળા તોડી અંદર થી કોમ્પ્યુટરનું મોનીટર એક પીન્ટર અને એક સેક્રેનર મળી રૂા. ૧૦૫૦૦ ના મુદ્દામાલની ચોરી કોઈક અજાણ્યા લોકો કરી ગયા છે તેવી ફરિયાદ ધનેરા ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર ભરતભાઈ ચેહરાભાઈ ચૌધરી રહે. ધનેરા વાળાએ શિહોરી પોલીસ સ્ટેશને ફરિયાદ કરી છે તેની તપાસ શિહોરી પોલીસ ચલાવી રહી છે.

# પાલનપુરના એક કોમ્પ્લેક્સમાં મોડી રાત્રે હોબાળો

**એક યુવતી સાથે ૩ યુવકો શંકાસ્પદ હાલતમાં મળી આવતાં ચકચાર**

પાલનપુર

પાલનપુરના બે ભાગમાં આવેલા ગોપાલ પ્લાઝા સેન્ટરમાંથી પોલીસે ગત રાત્રે એક યુવતી સહિત ત્રણ યુવકોને દુકાનમાંથી નશાની હાલતમાં બહાર નીકાળ્યા હતા.જોકે સ્થાનિકોના હોબાળાને લઈને ઘટના સ્થળે પોલીસ દોડી આવી હતી અને ત્યારબાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પાલનપુરના ગોપાલ પ્લાઝા કોમ્પલેક્ષમાં આવેલી એક સીડી રાઇડ કરતી દુકાનમાં ગતરાત્રે સ્થાનિકોએ હોબાળો મચાવ્યો હતો. ગત રાત્રે એક વાગ્યાના સુમારે દુકાનમાં એક યુવતી અને ત્રણ યુવકો હતા. જેને લઈને સ્થાનિકોએ હોબાળો કર્યો હતો અને બહાર નીકળવા માટે કહ્યું હતું પરંતુ સમગ્ર મામલે હોબાળો થઇ જતાં આખરે પોલીસ ઘટના સ્થળે આવી હતી અને પોલીસને દુકાનનું શટર તોડવાની ફરજ પડી હતી અને ત્યાર બાદ આ ત્રણ યુવકો અને યુવતીને બહાર નિકાળી અને પોલીસ મથકે લઇ જવાયા હતા. જોકે આ પ્રકરણમાં યુવતી સામેલ હતી અને જે નબીરા હતા એ મોટા ઘરના હોય પોલીસ પણ ભીનુ સંકેલવા કોશિશ કરી રહી હોવાની આશંકા ઉપસ્થિત લોકોએ જતાવી હતી. ત્યારે પોલીસ મથકમાં માત્ર પ્રોહિબીશન હેઠળ ત્રણ યુવકો સામે ગુનો નોંધાયો છે પરંતુ સવાલ એ છે કે યુવતી ક્યાં ગાયબ થઇ ગઈ ???

શહેરના પ્રતિષ્ઠિત વિસ્તારના કોમ્પ્લેક્સની દુકાનમાં બનેલી આ ઘટનાને લઈને પોલીસ પર સીધા સવાલ થઈ રહ્યા છે. પોલીસે આ પ્રકરણમાં ભીનું સંકેલવાની કોશિશ કરી હોવાનું લોકોમાં ચર્ચાસ્પદ બન્યું છે. ત્રણ કલાક સુધી આ હોબાળાનો ઘટનાક્રમ ચાલ્યો હતો ત્યારે પોલીસ ફરિયાદમાં યુવતીનો ક્યાંય ઉલ્લેખ નથી અથવા યુવતી પોલીસ મથકમાં નથી આખરે યુવતી ગઇ ક્યાં એ બાબત ચર્ચાની એરણે ચડી હતી.

**રાજાપાઠમાં ઝડપાયેલા શખ્સો**

૧. રિયાઝ ઈસ્માઈલ ઢૂક્કા (રહે.માહી, તા. વડગામ)
૨. સૈયદ અબ્દુલભાઇ ઢૂક્કા (રહે. માહી, તા. વડગામ)
૩. ગલબાજી રવાજી ઠાકોર (રહે.વણસોલ તા. વડગામ)

# અનાપુર છોટા નજીક બોલેરો ગાડીની ટક્કરથી આધેડનું મોત

તા.પ્રતિ. ધાનરા

ધાનેરાના અનાપુર છોટા ગામે ચંદનસિંગ ધનજીજી દરબાર ઉ.વ.૫૫ રોડ સાઈડે ચાલતા ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન પૂર ઝડપે આવતી બોલેરો ગાડીના ચાલકે ટક્કર મારી લઈ ભાગી છુટ્યો હતો. આ અકસ્માતમાં દરબાર ચંદનસિંગ ધનજી ઉ.વ.૫૫ને વધુ



ઈજાઓ થતાં તેમને ધાનેરા રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ. જ્યાં હાજર તબીબો તેમને મૃત જાહેર કર્યા હતા.

## ભીલડી પંથકની ૮૦ મહિલાઓની મફત પ્રસુતિ

# સેવાભાવી તબીબના જન્મ દિનની અનોખી ઉજવણી

**સખાવતી દાતાઓ દ્વારા ખાધા-ખોરાકીની કીટનું વિતરણ**

પ્રતિનિધિ ભીલડી

ભીલડીના સેવાભાવી ડૉક્ટરે ૬૭ માં જન્મદિન નિમિત્તે ૧૦૧ ગરીબ અને જરૂરિયાતમંદ બેનોની પ્રસુતિ મફતમાં કરવાનો સંકલ્પ લીધો છે. તેમના આ સેવા યજ્ઞમાં દાતાઓએ પણ આહુતિ આપતા સોનામાં સુગંધ ભળે તેમ અત્યાર સુધી ૮૦ બેનોની પ્રસુતિ થઈ છે અને તેમના ખાધા- ખોરાકીની કીટ પણ આપવામાં આવી છે.



કંચનજી ઠાકોર

ભીલડી ખાતે ''અજય ડીસ્પેન્સરી ચલાવતાં ડૉ.કે.કે. પટેલે ૬૭ માં જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરી છે. તેમણે તેમના ૬૭ માં જન્મદિવસ નિમિત્તે ૧૦૧ બહેનોની પ્રસુતિ વિનામુલ્યે કરવાનો નિર્ણય લીધેલ. આમ ડૉ.કે.કે.પટેલના આવા નિર્ણયથી પ્રેરણા લઈ દાતાઓ પણ આગળ આવી જરૂરિયાતમંદ પ્રસુતા બેનોને પ્રસુતિ બાદની ખાધા - ખોરાકીની રૂા. ૧૦૦૦/- ની એક કીટ એવી વરસ દરમ્યાન દાતાઓ દ્વારા ૩૬૦ કીટો આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૮૦ બેનોની પ્રસુતિ મફત કરવામાં આવી છે અને ૨૭૫ જેટલી ખાધા ખોરાકીની કીટો દાનવીર દાતાઓ દ્વારા આપવામાં આવી છે. જેમાં ૫૧ કીટ સ્વ. અમરાભાઈ સાંમતાભાઈ પટેલ(રતનપુર), ૫૧ કીટ નટુભાઈ હરીભાઈ (અમદાવાદ), ૫૧ કીટ દશરથભાઈ નગીનદાસ સોની (ભીલડી), ૩૫ કીટ જીતુભાઈ ડાયાભાઈ (સરપંચ સોતમલા), ૫ કીટ બારોટ નવીનભાઈ વિરમજી, ૨૫ કીટ દેસાઈ જેરાભાઈ નાથાભાઈ (ઘરનાળ, મોટી), ૧૦ કીટ ડૉ.સી.સી. પટેલ, ૧૦ કીટ જામનદાસ મહેશ્વરી, ૧૦ કીટ પટેલ મંજુલાબેન પ્રમોદભાઈ (અમદાવાદ), ૫ કીટ દિનેશભાઈ જેહાજી બારોટ, ૫ કીટ શાંતિલાલ નથુરામ (જુની ભીલડી), ૫ કીટ દશરથભાઈ લાલજીભાઈ (ભીલડી), ૩ કીટ પાંચાભાઈ ભુપતાભાઈ, ૨ કીટ જીવાભાઈ ભુપતાભાઈ, ૫ કીટ નાનુભાઈ કુંવરજી ઠક્કર, ૧૦ કીટ રમેશભાઈ કસ્તુરજી ઠક્કર, ૩ કીટ નાગજી દેસાઈ (બલોધર), ૧૦ કીટ ડૉ.અંકિત કેલા દ્વારા આપવામાં આવી છે. ડૉ.કે.કે.પટેલે જરૂરિયાતમંદ ગરીબ ઘરની મહિલાને ડીલેવરીમાં દાતાઓ દ્વારા મદદરૂપ થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ધાનેરા પોલીસે વાલેર પાસેથી વિદેશીદારૂ ભરેલી ગાડી પકડી



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પોલીસે ધાનેરાના વાલેર નજીકથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી પાડી હતી. જોકે આરોપી ભાગી છુટવામાં સફળ રહ્યા હતા.

ટૂંકી હકીકત એવી છે કે ધાનેરા પી.આઈ. આર.કે. પાઠક તથા ધનરાજભાઈ, ભેમજીભાઈ, હરજીભાઈ તથા અરજણજી વિગેરેને બાતમી મળતાં વાલેર ગામે નાકાબંધી કરી કમાન્ડર ગાડી નંબર જી.જે.૮.કે.૫૪૭૧ માંથી વિદેશીદારૂ બીયર પેટી નંગ -૧૪ ટીન નંગ ૩૩૬ (કિંમત રૂા.૩૩,૬૦૦) તથા કમાન્ડર ગાડીની કિંમત ૧ લાખ) મળી કુલ ૧,૩૩,૬૦૦ ના મુદ્દામાલ કબ્જે લીધો હતો. જયારે પોલીસને જોઈ ગાડી ચાલક ભાગી વુટવામાં સફળ રહ્યાં હતા. પોલીસે તપાસ હાથ ધરી છે.

## બનાસકાંઠા જિલ્લાના ઐતિહાસિક થીરપુર (થરાદ) નગરમાં

# પવિત્ર અધિક માસ નિમિત્તે કુંવરબાઈનું મામેરૂં ત્રિદિવસીય કથાનું દિવ્ય-ભવ્ય આયોજન કરાયું

**ગૌવત્સ શ્રી ભગત બાપુ (કારેલીવાળા) કથાનું રસપાન કરાવશે**

ડીસા

સમયના પ્રવાહમાં પવિત્ર પુરુષોત્તમ (અધિક) માસ ચાલી રહ્યો છે. વિવિધ ગામોમાં મંદિરોમાં ભાગવત- રામાયણની કથા-કિર્તનો ચાલી રહ્યાં છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ઐતિહાસિક થીરપુર (થરાદ) શહેરની પવિત્ર પાવન ધરા પર એક ભવ્યાતિભવ્ય ભક્ત શિરોમણી નરસિંહ મહેતાના જીવન પર આધારિત કુંવરબાઈનું મામેરું (નાનીબાઈ રો માયરો) ત્રિદિવસીય કૃષ્ણ ભક્તિની રસતરબોળ સંગીમય કથાનું આયોજન આગામી તા. ૮-૬-૨૦૧૮ને શુક્રવારથી થશે. કથાનો સમય સવારે ૧૦-૦૦થી બપોરના ૧-૦૦ વાગ્યા સુધી છે. કથા વિરામ તા. ૧૦-૬-૨૦૧૮ને રવિવારના દિવસે થશે. કથાના વક્તા તરીકે ગૌ વત્સ શ્રી ભગત બાપુ (કારેલીવાળા) જ્ઞાનગંગાનું આચમન કરાવશે, કથાનું શુભ સ્થળ શિવધારા બંગ્લોઝ, વાવ-થરાદ હાઈવે, રેફરલ હોસ્પિટલની સામે, જી.ઈ.બી. પાસે, થરાદ મુકામે રાખવામાં આવેલ છે. આ કથાનું આયોજન ગૌશાળાના લાભાર્થે કરવામાં આવેલ છે. ગૌપ્રેમી યુવાનો, દાતાઓ અને સહયોગીઓ તનતોડ મહેનત કરી રહેલ છે.

આ કથામાં પરમ વંદનીય નાગરવન બાપુ (કરબુણ) તેમજ પ.પૂ. રેવાપુરી બાપુ (આસોદર), પ.પૂ. બાલ બ્રહ્મચારી શ્રી વાલજી બાપુ (રાંટીલા), પ.પૂ. સુરદાસ બાપુ (મોટીપાવડ) તેમજ અનેક સંતો-મહંતો, સાધુઓ તેમજ રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ભારતના પ્રખ્યાત જયોતિષાચાર્ય પ.પૂ. શાસ્ત્રી શ્રી રઘુનાથભાઈ દવે (ગાયત્રી પ્રત્યક્ષ પંચાગ, અમદાવાદ) ખાસ ઉપસ્થિત આશિર્વાદ પાઠવશે. કથાના મુખ્ય દાતા, ભોજન દાતા સ્વ. ભોમજીભાઈ રાયમલજી બારોટ (સણવાલ) લાભ લીધેલ છે. આ ઉપરાંત વિવિધ દાતાઓ દ્વારા પણ ઉદાર હાથે દાનની સરવાણી રેલાવેલ છે. મહેશભાઈ બારોટ તેમજ દિનેશભાઈ ત્રિવેદી દ્વારા કાર્યક્રમનું સંચાલન થશે. તો ધર્મ પ્રેમી જનતાને આ કથાનો લાભ લેવા આયોજકો દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# દીઓદરના વડીયા નજીક ટ્રેક્ટર કેનાલમાં ખાબક્યુ



અશોક શેઠ

તા.પ્રતિ. દીઓદર

દિયોદર તાલુકામાંથી પસાર થઈ રહેલ નર્મદા કેનાલમાં તાલુકાના વડીયા ગામ નજીક દીઓદરથી પોતાના ઘેર નોખા ગામે પટેલ પરીવાર ટ્રેક્ટર -ટોલી સાથે જઈ રહ્યા હતા. ત્યારે ટ્રેકટરનું પેન્ડલ શોર્ટ થઈ જતાં ટ્રેક્ટર ચાલકે ટ્રેક્ટરનો કાબુ ગુમાવતાં ટોલી સાથે ટ્રેક્ટર કેનાલના પાણીમાં પડી જવા પામેલ જોકે તેમાં બેઠેલા ત્રણ જેટલા વ્યક્તિઓનો આબાદ બચાવ થવા પામેલ લોકોના ટોળા એકઠા થઈ જવા પામેલ ત્યારબાદ કેનાલ મહામહેનતે ટ્રેક્ટરને બહાર કાઢવામાં આવેલ.

# ધાનેરાના રેલ નદીના પૂલ નજીકથી વિદેશી દારૂ ઝડપ્યો



એન.કે.મોદી

**કાર સાથે એક આરોપીની અટકાયત**

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પોલીસે બાતમી આધારે રેલ નદી આગળ સી.સી.ટી.વી. કેમેરા પાસેથી ડી.ઓરા. લેન્સર ગાડીમાંથી વિદેશી દારૂ સાથે એક આરોપીની ધરપકડ કરી હતી.

હકીકત એવી છે કે ધાનેરા પી.આઈ. આર.કે.પાઠક, સ્ટાફના ભેમજીભાઈ, ધનરાજભાઈ, ઈશ્વરભાઈ, અરજણભાઈ, મનોહરસિંહ વિગેરેએ બાતમી આધારે ધાનેરા રેલ નદી આગળ સી.સી.ટી.વી. કેમેરા પાસેથી ડી.ઓરા. લેન્સર કાર કે.એલ.૦૭-એ.જે.૩૦૬૫ માંથી વિદેશી દારૂની બોટલ નં.૩૯૨ (કિંમત રૂા.૩૯,૨૦૦) લેન્સરકાર ૧ લાખની કબજે લઈ આરોપી અશોકભાઈ મગનભાઈ વણકર (રહે.સામરવાડા, તા.ધાનેરા) ને પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# સરદાર કૃષિનગર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

પ્રતિનિધિ દાંતીવાડા

''૫- જૂન વિશ્વ પર્યાવરણ દિવસ'' નિમિત્તે બાગાયત વિભાગ, ચી.પ.કૃષિ મહાવિદ્યાલય, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર ખાતે યુનિવર્સિટીના કુલપતિ પ્રૉ. (ડૉ.) અશોક એ.પટેલ, કુલસચિવ, ડૉ.આર. એમ. ચૌહાણ, ડૉ.એમ.આર. પ્રજાપતિ, ડીન (કૃષિ) તથા પ્રાધ્યાપકો તેમજ પરીક્ષાની કામગીરી અર્થે ઉપસ્થિત રહેલ આણંદ, નવસારી અને જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને અન્ય તાંત્રીક કર્મચારીઓ દ્વારા જેકેડા, પ્રાઈડ ઓફ ઈન્ડિયા, બહુનીયા, મલબારી નીમના તેમજ અન્ય ૩૦૦ છોડનું એકેડેમીક હોસ્ટેલની આજુબાજુના વિસ્તારમાં વાવેતર કરી ''વિશ્વ પર્યાવરણ'' દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# થરાદના રાજેન્દ્રનગરમાં આવેલા બે યુવકોના મામલે સમાધાન થયું

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરમાં સોમવારની બપોરના બે વાગ્યાના સુમારે રાજેન્દ્રનગર સોસાયટીમાં રહેતા મુકેશભાઈ શાહના મકાનમાં શિવનગર વિસ્તારના નવિનભાઇ રાઠોડ અને ઉમેશપુરી ગૌસ્વામી નામના બે યુવકો હાથમાં છરા સાથે ધસી આવ્યા હતા.અને તેમની પાસેનો ધારદાર છરો તેમના પુત્ર ના ગળે ભીડાવતાં મુકેશભાઇએ બંન્ને યુવકોને પકડી રાખી જિલ્લા કંટ્રોલ પોલીસમાં જાણ કરતાં દોડી આવેલ થરાદ પોલીસને સોંપ્યા હતા. પોલીસે મથકે લઈ જઈ જેલ હવાલે કર્યા હતા.આ બનાવ બાદ બહોળી સંખ્યામાં જૈન અગ્રણીઓ ફરિયાદ કરવા પોલીસ મથકમાં દોડી આવ્યા હતા.જોકે મોડી રાત સુધી ચાલેલા સમાધાનના પ્રયાસો વચ્ચે કોઇ ફરીયાદ નોંધાઇ ન હતી.અને સવારે માફીપત્ર લખી આપતાં મામલાનું સમાધાન થવા પામ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# પ્લાસ્ટિકના વપરાશ સામે તીવ્ર પગલા : પ્રતિબંધિત જથ્થો જપ્ત

અમદાવાદ

બિટ પ્લાસ્ટિક પોલ્યુશનને સફળ બનાવવા તથા પર્યાવરણ જાળવણી માટે ચા-કોફીની લારીઓમાં વપરાતા પ્લાસ્ટિકના કપ, પાણીના પાઉચ તથા પાનમસાલાના પેકિંગ માટે વપરાતા પ્લાસ્ટિકના રેપર્સના વપરાશ, સંગ્રહ અને ઉત્પાદન સામે આક્રમક કાર્યવાહી આજે પણ જારી રહી હતી. આજે તમામ ઝોનના હેલ્થવિભાગની ટીમ દ્વારા લારીઓમાં વપરાતા જુદા જુદા પ્રકારના પ્લાસ્ટિકના રેપર્સ વેચાણ અને સંગ્રહ અને બનાવટ કરતા ધંધાકીય એકમો સામે દરેક ઝોનમાં સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન ૪૧૧ કિલોગ્રામ જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. સાથે સાથે ૪૭૩૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ૯૬૦ નોટિસો આપવામાં આવી છે. ૧૪ ધંધાકીય એકમોને પણ સીલ કરી દેવામાં આવ્યા છે. કાર્યવાહી હજુ જારી રહે તેવા સંકેત છે. તા.૫ જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસ'થી અમદાવાદ શહેરમાં પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનાં પાઉચ, ૪૦ માઈક્રોનવાળાં ઝભલાં થેલી, પાન મસાલાના લારી-ગલ્લામાં પેકિંગ માટે વપરાતાં પ્લાસ્ટિકનાં રેપર્સ, ચા-કોફીની કીટલીમાં વપરાતાં પ્લાસ્ટિકના કપ વગેરેના વપરાશ, સંગ્રહ અને ઉત્પાદન પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દેવાયો છે પરંતુ તેમછતાં શહેરમાં હજુ છાનેછપને ચાની કીટલીઓ અને ગલ્લાં પર પાણીના પાઉચ અને પાન - મસાલાના પ્લાસ્ટિકનો વપરાશ ચાલુ હોવાની ફરિયાદો સામે આવતાં અમ્યુકો તંત્ર દ્વારા હવે શહેરના વિવિધ વિસ્તારોમાં ચાની કીટલીઓ અને પાનના ગલ્લા સહિતના સ્થાનો પર તવાઈ બોલાવાઈ રહી છે. છેલ્લા ત્રણ દિવસથી અમ્યુકોના હેલ્થ વિભાગ દ્વારા આ અંગેની ઝુંબેશ હાથ ધરાઈ છે

અનુસંધાન પાના નં.૬

# જનતાની ખુશીમાં જ રાજાની ખુશી હોવી જોઈએ : પ્રણવ મુખરજી

નાગપુર

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વર્ષો સુધી કોંગ્રેસના વરિષ્ઠ નેતા તરીકે રહી ચુકેલા પ્રણવ મુખર્જીએ આજે નાગપુરમાં સંઘના કાર્યક્રમમાં હાજરી આપી હતી અને રાષ્ટ્રવાદના સંદર્ભમાં પોતાના અભિપ્રાય પણ રજૂ કર્યા હતા. પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રવાદને લઈને ખુબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, પ્રજાની ખુશીમાં જ રાજાની ખુશી હોવી જોઈએ. વાતચીતથી જુદી જુદી વિચારધારાના લોકોની સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આટલી વિવિધતા હોવા છતાં ભારતીયતા અમારી ઓળખ બનીને રહી છે. રાષ્ટ્રવાદ કોઈપણ ભાષા, રંગ, ધર્મ અને જાતિથી પ્રભાવિત નથી. પ્રણવ મુખર્જીએ એમ પણ કહ્યું હતું કે, દરેક પ્રકારની હિંસાથી અમારા સમાજને બચવાની જરૂર છે. મૌખિક અને શારીરિક હિંસા બંને ખુબ જ ખતરનાક છે. વાતચીત મારફતે પ્રણવ મુખર્જીએ કેટલાક સ્પષ્ટ સંકેતો પણ આપ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, ભારતનો આત્મા બહ-ુવાદમાં રહે છે. અમને લોકશાહી ભેંટમાં મળી નથી. પ્રણવ મુખર્જીએ ઉમેર્યું હતું. બાળગંગાધર તિલકે સ્વરાજ હમારા જન્મસિદ્ધ અધિકાર હૈનો નારો આપ્યો હતો. ૫૦૦૦ જુની અમારી સભ્યતાને કોઈપણ વિદેશી આક્રમણકારીઓ પણ ખતમ કરી શક્યા નથી. અનેક લોકોએ સેંકડો વર્ષ સુધી ભારત ઉપર શાસન કર્યું હતું. ત્યારબાદ મુસ્લિમ આક્રમણકારીઓએ ભારત પર શાસન કર્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# એક ટ્રેનમાં ટિકિટ ન મળે તો હવે બીજી ટ્રેનમાં કન્ફર્મ થશે

અમદાવાદ

રેલ્વે તંત્ર તા.૧લી જુલાઈથી રેલવે પ્રવાસીઓ માટે અનેક સુવિધાઓ સાથેના વિકલ્પ લઈને આવી રહ્યું છે. જેમાં પ્રવાસી ટિકિટ બુક કરતી વખતે તેની જરૂર મુજબના વિકલ્પ પસંદ કરી શકશે. ખાસ સુવિધાના ભાગરૂપે કોઇ પણ પ્રવાસીને કોઇ એક ટ્રેનમાં જો બર્થ ટિકિટ નહી મળે તો બીજી ટ્રેનમાં એ જ ટિકિટ દ્વારા તેને બર્થ ટિકિટ ફાળવવામાં આવશે. તા.૧લી જુલાઈથી રેલ્વે ટિકિટ રિઝર્વેશન ફોર્મમાં નવો સુધારો અમલી બનશે. રિઝર્વેશન ફોર્મમાં વિકલ્પ નામની એક નવી કોલમ ઉમેરાશે. જેમાં આપવામાં આવેલા વિકલ્પમાંથી પ્રવાસી પોતાને અનુકુળ વિકલ્પ પસંદ કરીને સગવડો મેળવી શકશે. જેમાં ખાસ સગવડના ભાગરૂપ પ્રેગ્નન્ટ મહિલાઓ માટે અલગ કવોટા રિઝર્વ કરાશે. નવા અમલી થનારા ફોર્મમાં પ્રેગ્નન્ટ મહિલા પ્રવાસી માટે પણ એક અલગ કોલમ હશે જે વિકલ્પ તરીકે પસંદ કર્યા પછી તે મહિલાને લોઅર સીટ રિઝર્વ કવોટામાંથી ફાળવવામાં આવશે. જો કે, જે તે પ્રેગ્નન્ટ મહિલાએ તેના ફોટો આઈડી સાથેનું ડોકટરનું સર્ટિફિકેટ પણ સાથે જોડવું પડશે. રિઝર્વેશન ફોર્મમાં મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. હવેથી રેલ યાત્રીઓ માટે વિકલ્પ સ્કીમની જે નવી કોલમ ફોર્મમાં છપાશે તેમાં રિઝર્વેશન ફોર્મમાં તે રૂટ ઉપર પ્રવાસીએ ૧૨ કલાક, ૨૪ કલાક અને ૪૮ કલાકની અંદર ઉપડતી બીજી કોઇ એક ટ્રેનનો વિકલ્પ પણ પસંદ કરવાનો રહેશે. એટલું જ નહી નવા ફોર્મના ફોર્મેટમાં આધાર નંબર પણ લખવો પડશે. જો કે, જે પ્રવાસી આધાર નંબર નહી લખે તે હાલમાં ટૂંકા સમય માટે ચલાવી લેવાશે.

અનુસંધાન પાના નં.૬

# ઘેસડા પંચાયતની ગ્રામસભા યોજાઈ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ઘેસડાગૃપ ગ્રામપંચાયતની ગામસભા ગત મંગળવારના રોજ સવારે કલાકે યોજાઈ હતી.જેમાં તાલુકામાંથી વેટરનરી વિભાગના ડોક્ટર અસીમ જોષી તથા રેવન્યૂ તલાટી રતનસીભાઈ, તલાટી કમ મંત્રી મીનાબેન ત્રિવેદી, સંરપંચ જેતસીભાઈ ઘેસડા, પ્રાથમિક શાળા ના આચાર્ય સી.આર.સી. પાયા તથા બહોળી સંખ્યામાં બંને ગામો ગ્રામજનો હાજર રહ્યા હતા. પ્રધાન મંત્રી આવાસ યોજના તથા બીપીએલ લાભાર્થીઓને નવીન યાદી સહિતનાં વિકાસકામોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

**પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની માનદ્ સેવાઓ આમંત્રિત કરવા બાબત**

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધાનેરા ખાતે શરૂ થનાર લાંબા ગાળાના તેમજ ટૂંકાગાળાના એન.સી.વી.ટી./જી.સી.વી.ટી.ના વ્યવસાયો માટે વિવિધ સેક્ટર જેવા કે, મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, કોમ્પ્યુટર, ઓટોમોબાઈલ માટે પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરોની માનદ્ સેવાઓ આપવા રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ ઉમેદવારોને કલાકના રૂા.૭૫/- લેખે દૈનિક મહત્તમ ૬ કલાકના દર માસે રૂા.૧૩,૫૦૦/- થી વધુ નહીં તે રીતે માનદ્ વેતન ચુકવવામાં આવશે. આવા ઉમેદવારો તદ્દન હંગામી ધોરણે નિયમિત જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી માત્ર વચગાળાની વ્યવસ્થા રૂપે હોઈ સેવા વિષયક કોઈપણ હકદાવો રહેશે નહીં, તે મતલબનું નિયત કરેલ બાહેધરીનું એફિડેવિટ રજુ કરવાનું રહેશે. આ સેક્ટરમાં કોર્ષ શરૂ થનાર હોય જે તે સેક્ટરના કોર્ષ મુજબ લાગુ પડતી લાયકાત જેમાં ડીગ્રી માટે ૧ વર્ષ/ડીપ્લોમા માટે ૨ વર્ષ/આઈ.ટી.આઈ./એપ્રેન્ટીસ પાસ (સી.આઈ.ટી.એસ. સાથે/ માટે ૩ વર્ષનો અનુભવ ધરાવનાર ઉમેદવારે તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીમાં તમામ પુરાવાની નકલ સાથે અરજી કરવાની રહેશે. આ અંગેનું અરજી ફોર્મ તેમજ વધુ માહિતી સંસ્થા ખાતેથી મળી રહેશે.

આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધાનેરા

ક્રમાંકઃનામાનિ/પાલન/૧૫૦/૨૦૧૮-૧૯

**ઓપન ઈન્ટરવ્યું**

**શિક્ષકો જોઇએ છે**

ચોત્રીસી પરગણા ચમાર સમાજ પ્રગતિ સંઘ, પાલનપુર સંચાલિત ડૉ.બી.આર. આંબેડકર હાઇસ્કૂલ પાલનપુરમાં ધો. ૯ અને ધો. ૧૦ માટે નીચેની લાયકાત ધરાવતા શિક્ષકોની ૧૧માસના કરારથી ભરતી કરવા માટે તા.૦૯/૦૬/૨૦૧૮ ને શનિવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ડૉ.બી.આર. આંબેડકર, હાઇસ્કૂલ, ડીસા હાઇવે, સ્વાગત સીટી પાસે, એરોમા ઇન્ડસ્ટ્રીઝ પાછળ, પાલનપુર જિ.બનાસકાંઠા ખાતે ઇચ્છુક ઉમેદવારોએ સ્વખર્ચે અરજી પત્ર અને પોતાના અસલ પ્રમાણપત્રો તથા દરેક પ્રમાણપત્રોની એક પ્રમાણિત નકલ સાથે રૂબરૂ ઈન્ટરવ્યું માટે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| અ.નં. | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|
| (૧) | બી.એસ.સી.બી.એડ | ગણિત/વિજ્ઞાન | ૧ |
| (૨) | બી.એ. બી.એડ. | અંગ્રેજી | ૧ |
| (૩) | બી.એ. બી.એડ. | સામાજીક /વિજ્ઞાન | ૧ |
| (૪) | બી.એ. બી.એડ. | હિન્દી / ગુજરાતી | ૧ |

પ્રમુખ : ચોત્રીસી પરગણા ચમાર સમાજ, પ્રગતિ સંઘ, પાલનપુર

## તંત્રી સ્થાનેથી ...

**હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ હોહિ મૈ જાના.**

## સાબરમતી નદીને દુષિત કરતી ફેક્ટરીઓ વિરૂધ્ધ કાર્યવાહી જરૂરી

રાજ્યમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સંદર્ભે ઠેરઠેર વૃક્ષારોપણ કરવામાં આવ્યું સંસ્થાઓ અને લોકોએ પ્લે કાર્ડ સાથે પર્યાવરણના જતન માટેની અપીલ કરાઈ. પરંતુ રાજ્યમાં વૃક્ષોનું જતન કરવા માટે ભલે ગમે તેટલા પ્રયાસો કાઢવામાં આવે તેમ છતાં તેનો ઈન્કાર કરી શકાય તેમ નથી. પર્યાવરણ દરમ્યાન હાનિકારક પ્લાસ્ટિકનો વ્યાપ ઘટે તે માટે અમદાવાદમા તેરાપંથ યુવક પરિષદ દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમો કરવામાં આવ્યા અને પર્યાવરણની જાળવણી બાબતની અપીલ પણ કરવામાં આવી. વૃક્ષોનો ઉછેર કરવાથી પર્યાવરણને બચાવી શકાશે!

આપણી જીવાદોરી સમાન જે નદીઓ છે. તેમાં કેમિકલનો જથ્થો અને કચરો પધરાવવામાં આવતા નદીઓનું પાણી અશુધ્ધ થતાં પર્યાવરણની સ્થિતિ ગંભીર બની રહેવા પામે છે. આ સમસ્યા અતિ ગંભીર હોવા છતાં સરકારી તંત્ર દ્વારા કડક નીતિ હાથ ધરવામાં આવતી નથી. નદીઓ આસપાસના વૃક્ષોનું નિકંદન કાઢીને તેનો વેપલો કરવામાં આવતો હોય છે. આ બાબતે સરકારે જાગૃત થવું જરૂરી છે.

ગંગાના પાણીને દુષિત કરવામાં આવી રહ્યું છે. તેની સફાઈ માટે કરોડોની યોજના ચલાવવામાં આવી રહી છે. તે જ રીતે ગુજરાતમાં સાબરમતી નદી પ્રદુષણ ફેલાવતી નદી બની રહી છે. રાજ્યમાંથી પસાર થતી સાબરમતી નદી ગ્રામ્ય વિસ્તારોને અડીને આગળ રહે છે. આ નદીમાં ફેક્ટરીઓના કેમિકલ એસિડયુક્ત પાણી વહેતા થયા છે. કહેવાય છે કે ધોળકાના મહીજડા પાસેના સરોડા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં તો પાણીનો જથ્થો મોટા પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ તેનો રંગ જ બદલાઈ જાય છે. તે જોતાં ખરેખર સાબરમતી નદી કેમિકલ પાણી છોડવા માટેનું ખુલ્લું મેદાન હોય તેવું ભાસે છે, નદીમાં પાણી હોવા છતાં ગ્રામજનોને તરસ્યા રહેવું પડે છે. આવી દુષ્કર પરિસ્થિતિની સઘન તપાસ ચલાવવી જોઈએ. આના કારણે સરોડા ગામના અસંખ્ય રહીશો તો કેમિકલ અને એસિડયુક્ત પાણીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

સાબરમતી નદીના ગંદા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ એટલી હદે વધ્યો છે કે લોકોના આરોગ્યને બચાવવાના પ્રયત્નો પણ નિષ્ફળ થવાના એંધાણ સર્જાયા છે. સાબરમતી નદી અને અન્ય નદીઓના સંગમ ધોળકા તાલુકાના વૌઠા ગામે થાય છે. પરંતુ કેમિકલયુક્ત પાણીના કારણે લોકોમાં ભારે આક્રોશ સર્જાયેલો રહ્યો છે.

રાજ્યમાં માત્ર ચોમાસા દરમ્યાન સાબરમતી નદીનું પાણી ચોખ્ખું હોય છે. ચોમાસાની ઋતુ પુરી થયા બાદ વર્ષના મોટાભાગના દિવસોમાં રંગીન પાણી જોવા મળે છે. આ બાબતે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કડક કાર્યવાહી કરી નદીમાં કેમિકલનો કચરો ઠાલવતી કંપનીઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવાનો સમય પાકી ગયો છે. વળી સરોડા ગામ નજીકના પીપળજ પાસે ટેન્કરો દ્વારા કેમિકલ યુક્ત પાણી નદીમાં ઠાલવવામાં આવે છે. જેથી ત્યાંના પુલ પરથી પસાર થવું દુષ્કર થઈ પડે છે. અશુધ્ધ થતા પાણીના કારણે લોકોને શુધ્ધ હવા પણ નસીબ થતી નથી.

## લીજેન્ડરી બોલીવૂડના વિલને હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવર પર રોમેન્ટિક સીન ભજવ્યો



વિલન એ પરાપૂર્વથી બોલીવૂડની ફિલ્મોમાં હીરો સાથે આંતરિક હિસ્સો બની રહ્યા છે, જેણે દુનિયાભરમાં ભારતીય ફિલ્મના દર્શકોના નજરિયો પર મોટો પ્રભાવ પાડ્યો છે. દર્શકોએ હંમેશાં સ્ક્રીન પર વિલનને નકારાત્મક ભૂમિકા ભજવતા જોયા છે, જે પાત્ર પ્રત્યે તેમની વફાદારી બતાવે છે. દર્શકોના આ નજરિયામાં બદલાવ લાવતાં શ્ફ હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરમાં ભારતીય ફિલ્મના બે અત્યંત પ્રતીકાત્મક વિલન ગુલશન ગ્રોવર અને શક્તિ કપૂરનું સ્વાગત કર્યું હતું. આ વિલન જોડીએ તેમના સમયમાં અવિસ્મરણીય ભૂમિકાઓ ભજવી છે અને તેમના લીજેન્ડરી ડાયલોગ્સ સાથે સમુદાયોનું મનોરંજન કરીને દર્શકોને અવિસ્મરણીય અનુભવ કરાવ્યો છે. હાઈ ફીવર દર્શકોને અગાઉ ક્યારેય નહીં જોઈ હોય તેવી આ પીઢ કલાકારોની ભૂમિકા જોવાનો મોકો આપ્યો હતો.વર્તમાન વિલન સ્પેશિયલ એપિસોડમાં રોમાંચિક અહમદ ખાને ગુલશન ગ્રોવર અને શક્તિ કપૂરને લાક્ષણિક બોલીવૂડ રોમેન્ટિક સીન ભજવવાનો પડકાર આપ્યો હતો. તેમના પાત્રને જીવતા બંને કલાકારોએ પડકાર ઝીલી લીધો હતો. ગુલશન ગ્રોવરની જોડી ઈશા ગુપ્તા સાથે જમાવવામાં આવી હતી અને બંનેએ મસાલેદાર રોમેન્ટિક સીન ભજવવાનું હતું, જે ભજવીને તેમણે દર્શકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. લોકપ્રિય ક્રાઈમ માસ્ટર ગોગોની જોડી લારા દત્તા સાથે જમાવવામાં આવી હતી અને તેણે રોમેન્ટિક વિલનની ભૂમિકા ભજવતાં લારા દત્તા માટે શાયરીઓ કહી સંભળાવી હતી. ફિલ્મો અભિનયને નવી ઊંચાઈએ લઈ ગઈ છે. સમકાલીન ફિલ્મોમાં અમને વિલનની સમર્પિત ભૂમિકા ભજવતા કોઈ પણ દેખાતા નથી. આ બદલાયેલો પ્રવાહ જોતાં કલાકારોએ બધી ભૂમિકાઓમાં ઉત્તમ રહેવા સાથે પોતાને તેમાં ઢાળવું જોઈએ. શોની સંકલ્પના વિશે વધુ બોલતાં તેમણે જણાવ્યું કે હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરના સ્પર્ધકોમાં ભરપૂર પ્રતિભા છે અને શો તેમને વૃદ્ધિ પામવા માટે ઉત્તમ મંચ આપે છે. તેઓ પારિવારિક સંબંધોના ખરા અર્થમાં અલગ તરી આવે છે, જે નૃત્ય થકી મજબૂત રીતે ભજવવામાં આવે છે.

તો હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરના વિલન સ્પેશિયલ એપિસોડ પર રોમેન્ટિક સીન ભજવવા માટે વિલન જોડીને જોતા રહો, શનિવાર અને રવિવાર, રાત્રે ૯, ફક્ત &TV પર.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

અમન આકાશ પાર્ટી પ્લોટ ખાતે ત્રણ દિવસીય કાર્નિવલ યોજાયુ

## પ્રો ક્રિએશન ઈવેન્ટ્સ દ્વારા પ્રથમવાર ૩ દિવસીય સમર કાર્નિવલ એક્સ્પો 'કિડો ઝોન-૨૦૧૮'નું અનોખું આયોજન



ફોટો : શાંતી શાહ

અમદાવાદ

અમદાવાદના બાળકોની સર્જનાત્મક સંભાવનાઓને બહાર લાવવાના હેતુથી પ્રો ક્રિએશન ઈવેન્ટ કે જે મિનલ ભુવા, વિકાસ ડાહિયા અને નાગેશ્વર શુક્લ (ડિરેક્ટર્સ, પ્રોક્રિએશન ઈવેન્ટ્સ પ્રા. લિ.)નું માનસ સંતાન છે તેના દ્વારા પ્રથમવાર ૩ દિવસીય કાર્નિવલ કિડો ઝોન ૨૦૧૮નું આયોજન થયું હતુંઆ એક્સ્પોમાં બોલિવૂડ સેલિબ્રિટી - હર્ષિલ મલ્હોત્રા (બજરંગી ભાઈજાન ફેઈમ)ને આમંત્રણ આપ્યું છે અને તે બાળકો સાથે ખાસ સમય વિતાવયોં હતો. 'બાળકો પાસે સંબંધો, જોડાણ કે ક્રિએટીવ ટેલેન્ટ્સનો આનંદ લેવા કે તે એક્સ્પ્લોર કરવા માટે ચોક્કસ કોઈ પ્લેટફોર્મ હોતું નથી ત્યારે મને વિચાર આવ્યો કે આ વેકેશન દમિયાન કંઈક અલગ એવું આયોજન કરવામાં આવે કે જેમાં બાળકો અને વાલીઓએ આપણા અમદાવાદમાં હજી એવો અનુભવ ન કર્યો હોય. આથી અમે ૩ દિવસના કાર્નિવલનો વિચાર કર્યો કે જેમાં બાળકો અને વાલીઓ સાથે આવી શકે અને આનંદ કરી શકે અને અનોખી રમતગમત અને સુવિધાઓની મજા લઈ શકે.

## ક્વોલીટી માર્ક દ્વારા ગુજરાત ખાતે એસ. એમ. ઈ. એવોર્ડ



નાના અને મધ્યમ ઉદ્યોગો રાષ્ટ્રના વિકાસના એન્જિન તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવે છે, કે જે ઔદ્યોગિક ઉત્પાદન, નિકાસ સહિત રોજગાર નિર્માણમાં ફાળો આપે છે અને દેશના ઉચ્ચ આર્થિક વિકાસને હાંસલ કરવા માટે પણ મદદ કરે છે. ઉત્તમ જ્ઞાન , નવીન વિચારો, તકનીકી કુશળતા અને રાષ્ટ્ર નિર્માણમાં નોંધપાત્ર યોગદાન હોવા છતાં, સફળ સાહસિકોના સૌથી નોંધપાત્ર વ્યવસાય પણ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી, પરિણામે તેમના આ પ્રયાસો અને સિધ્ધિઓ વ્યવસાયિક વિશ્વથી ઓળખવિહીન રહે છે. ક્વોલીટી માર્ક ટ્રસ્ટ એ બાબતને પ્રકાશમાં લાવે છે કે, આ સંસ્થાઓ તેમના વ્યવસાયો કેવી રીતે તેમની શ્રેષ્ઠ ગુણવત્તાને આધારે ચલાવે છે અને જાળવી પણ રાખે છે. ઉદ્યોગમાં શ્રેષ્ઠ યોગદાન આપનારા અને નવપ્રવર્તકો એ હકીકતથી વાકેફ છે કે સફળતા ફક્ત અસાધારણ ગ્રાહક તરીકે અનુભવ મેળવીને જ થાય છે એમ.એસ.એમ.ઈ ભારતના ટોચના ઉદ્યોગપતિ અને ખાનગી ક્ષેત્રના પ્રોફેશનલ્સને સહજ રીતે જોડે છે, આ જ કારણોસર ક્વોલિટિ માર્ક એવોર્ડ એ મધ્યમ અને લઘુ ઉદ્યોગો ને અદભૂત શૈલીમાં માન આપે છે.ક્વોલિટિ માર્ક એવોર્ડ એ જે તે સંસ્થાની વિશ્વસનીયતાનો પુરાવો ગણાય છે. ઉદ્યોગો માટે ઘણા રેન્કિંગ અને પુરસ્કારો છે પરંતુ કોઈ પણ સંસ્થાની પ્રતિબદ્ધતા માટે ઉદ્યોગની શ્રેષ્ઠતા અને ક્વોલિટિ એ જ અંતિમ શબ્દ અને અંતિમ પ્રમાણપત્ર ગણાય છે. અને તેથી જ તેમના માટે સંતોષ અને ખુશી પણ આ જ ગણાય છે. આ એવોર્ડ હયાત રેજન્સી, અમદાવાદ ખાતે ૧૦ મી જુન, ૨૦૧૮ ના રોજ સાંજે બ્લેક ટાઈ ગાલા ડિનર પર આપવામાં આવશે.

## કેનન ઈન્ડિયાએ ફૂલ ફ્રેમ DSLR કેમેરાના ઓનર્સ માટે રિસપ્રોન્સિવ સર્વિસ પ્રોગ્રામ 'કેનન ક્લબ એલિટ' લોન્ચ કર્યો

પ્રોફેશનલ યુઝર્સને લાર્જ કેડર સાથે મજબૂત જોડાણ કરવા માટે કેનન ઈન્ડિયાએ 'કેનન ક્લબ એલિટ' પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ પ્રોગ્રામ કેનન ફુલ ફ્રેમ DSLRના તમામ હાલના અને નવા કસ્ટમર્સ માટે તૈયાર કરવામાં આવ્યો છે. જે તેમને શ્રેશ્ઠ લાભો અને વિશેષાધિકારો આપે છે. કાર્યક્રમ હેઠળ નક્કી કરાયેલા મુજબ, ક્લબ એલિટ મેમ્બરશિપમાં પસંદગીના મુખ્ય સર્વિસ સેન્ટર પર ૩ દિવસ સુધી રિપેર સર્વિસ, પ્રીમિયમ ફોટોગ્રાફી વર્કશોપ, સ્પેર પાર્ટ્સ અને લેબર ચાર્જ ઉપર ૩૦ ટકાના ડિસ્કાઉન્ટ, રૂ.૬૧,૪૯૯ સુધીનો લાભ અને ઘણા બધા વિશેષાધિકાર મળે છે. ઈમેર્જિંગ લિડર્સ તરીકે અમે હંમેશા અમારા કેનન કોમ્યુનિટીને મક્કમ ગતિએ આગળ વધવાની સાથે-સાથે દેશમાં ઈમેર્જિંગ કલ્ચરને મજબૂત બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. 'કેનન ક્લબ એલિટ'નું લોન્ચિંગ કરવું અમારા માટે એક રોમાંચક પહેલ છે અને અમારા તમામ પ્રયાસોના કેન્દ્રમાં કસ્ટમર્સને રાખવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ''કેનન ક્લબલ એલિટનો મૂળભૂત ઉદ્દેશ્ય એક્સક્લુઝિવ સર્વિસ આપવાનો છે જે અમારા ફુલ ફ્રેમ DSLR મોડલની સમકક્ષ છે. આ પ્રોગ્રામ ફોટોગ્રાફીની પ્રસન્નતાને વધારવા અમારા કસ્ટમર્સને સક્ષમ રવા માટે કેટલાંક રોમાંચક પુરસ્કાર અને લાભ આપે છે. ટેક્નિકલ અને સંકળાયેલા અન્ય લાભો સિવાય આ પ્રોગ્રામ પણ યુઝર્સને ઈન્ડસ્ટ્રીઝમાં નેટવર્ક ફોટોગ્રાફી બાદ એક મજબૂત હિસ્સો બનાવા માટે સક્ષમ બનાવે છે.

## ટાટા સ્ટારબક્સ સસ્ટેનેબિલિટી માટે તેની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે



સ્ટારબક્સ હંમેશા કોર્પોરેટ મૂલ્ય તરીકે પર્યાવરણની જવાબદારીને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે, જ્યાંથી કંપની પોતાની કોફીનો સ્ત્રોત કરે છે, જ્યાં ગ્રાહકો સ્ટારબક્સ સ્ટોર્સમાં કોફીનો અનુભવ કરે છે.સ્ટારબક્સ સી.એ.એફ.ઈ પ્રેક્ટિસ (કોફી અને ખેડૂતો ઈક્વિટી) જે ટકાઉ કૃષિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમ કે જળ સંરક્ષણ, બાયો-ફર્ટીલાઈઝર, ખેડૂતોની સમૃદ્ધિ અને સ્થિતિ સ્થાપકતાનો ટેકો અને તકનીકી સહાય અને અનુદાન દ્વારા ખેડૂત સમુદાયોમાં સહ-રોકાણ વગેરે. સી.એ.એફ.ઈના પ્રયાસોને સુનિશ્ચિત કરે છે કે સ્ટારબક્સ કોફી ઉત્પાદનના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય પાસાઓનું મૂલ્યાંકન કરીને ટકાઉ અને પ્રોસ્ટેડ કોફી મેળવે છે. વિશ્વભરમાં, સ્ટાકબક્સ ૧૦૦ ટકા નૈતિક સ્ત્રોત કોફી માટે પ્રતિબદ્ધ છે, ૨૦૨૫ સુધી ખેડૂતોને ૧૦૦ મીલીયન કોફીનું ઝાડ પૂરું પાડે છે, ૨૦૨૦ સુધી ખેડૂતોને ભંડોળ પૂરું કરવા ૫૦ મીલીયન ડોલરનું રોકાણ કરે છે અને ૨૦૨૦ સુધી ૨૦૦૦૦૦ કોફીના ખેડૂતોને તાલીમ આપશે.

## અમદાવાદમાં પેરા એથ્લેટ્સે ૨ કિલોમીટરની દોડ લગાવી જાગરૂકતા ફેલાવી



આદિત્ય મહેતા ફાઉન્ડેશન એ એક એન.જી.ઓ. છે જે અત્યારે સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ, પ્રોસ્થેટિક અંગ, સ્પોન્સરશીપ્સ અને ટ્રેનિંગ સાથેના આપણા દેશના પેરા એથ્લેટ્સને ટેકો આપે છે.અમારા વર્તમાન જાગૃતિ ફેલાવવાનાં ભાગરૂપે જે આપણાં શહેરમાં ચાલી રહ્યું છે, જ્યાં અમે બુધવાર, ૬ ઠ્ઠી જૂને પણ રોડ શો ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતુંગોટિલા ગાર્ડન ખાતે સવારે ૫:૩૦ વાગ્યેથી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમ કે પેરા-પાવર લિફ્ટર હરીશ વર્મા, જે વ્હીલચેર બાઉન્ડ પેરા-એથલેટ છે, તેમણે જણાવ્યું કે તે કેવી રીતે વજનમાં ઉઠાવી શકે છે કે જ્યારે ઘણા બધા સક્ષમ શારીરિક વ્યક્તિઓ કરી શકતા નથી.. હરિશ, જે આર્મરેશલિંગની રમતમાં વિશ્વ ચેમ્પિયન છે, જેમનો જુસ્સા આકાશ આંબે છે.હરીશ દ્વારા સત્તાના આ પ્રદર્શનને ૨ કિ.મી.ના દોડમાં અનુસરવામાં આવશે જેમાં પેરા-એથ્લેટ્સની ફાઉન્ડેશનની ટીમ, જે તમામ વિવિધ શારીરિક પડકારોનો સામનો કરે છે, તે '૧૦૦ દિવસો દોડના' અભિયાનને ' સાયરન્સ 'દ્વારા સંચાલિત કરવામાં આવ્યું છે, જે સંસ્થા આપણાં શહેરમાં સક્રિય માવજત સમુદાય છે.તમે ફાઉન્ડેશનને તમારો સપોર્ટ દર્શાવવા આપણાં દેશનાં પેરા એથ્લેટને મદદ કરી શકો છો.

## ડીઆઈડી લીટલ માસ્ટર્સ પર સલમાને રેસ ૪માં ભાગ લીધો



ઝી ટીવીના પ્રસિદ્ધ ડાન્સ રિયાલિટી શો ડીઆઈડી લીટલ માસ્ટર્સ સપ્તાહ દર સપ્તાહ તેના પ્રતિભાશાળી સ્પર્ધકોના કેટલાક 'બ્લોકબસ્ટર. પર્ફોર્મન્સની ડાન્સમાં અદ્દભુતતાનો નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે અને સ્પર્ધકો ફાઈનલમાં તેમના પગ જમાવવા માટે તૈયારી કરી રહ્યા છે. સ્પર્ધા હવે ગરમી પકડી રહી છે, અને શ્રેષ્ઠમાંથી પણ શ્રેષ્ઠ શોધવાની પ્રક્રિયા ટોચ પર છે, ત્યારે, આ સપ્તાહને અંતે, મનોરંજન ટોચ પર પહોંચી રહ્યું છે, કારણકે, નાનકડા ડાન્સ પ્રતિભા રેસ ૩ના કલાકારો જેમાં સલમાન ખાન, અનિલ કપૂર, જેકલીન ફર્નાન્ડિસ, બોબી દેઓલ, સાકીબ સલીમ, રેમો ડિસુઝા અને ડેઈઝી શાહ સહિતનું મનોરંજન કરવા માટે તેઓ ડાન્સ કરશે. જ્યારે દરેક લોકો આ ડાન્સિંગ પ્રતિભાના અદ્દભુત પર્ફોર્મન્સીસના સાક્ષી બનવાની સાથે સુંદર સમય વિતાવ્યો હતો, ત્યારે સૌથી નાની અને સૌથી પ્રેમાળ સ્પર્ધક ઉર્વા ભાવસારે શો જીતી લીધો!આ ૭ વર્ષની નાની ઢીંગલીએ તેના પ્રેમાળ 'ભાઈજાન' ઉર્ફે સલમાન ખાનને પત્ર લખવાની તક જડપી લીધી હતી અને કહ્યું હતું કે, તે અત્યંત આશ્ચર્યજનક છે અને તે તેને ખૂબ જ પ્રેમ કરે છે. ઉર્વાએ જેવો પત્ર સલમાનની સામે વાંચ્યો, અભિનેતા પોતાની જાતને શરમાતા રોકી ના શક્યા અને આટલા ઉષ્માસભર શબ્દો માટે તેને ઉર્વાનો આભાર માન્યો. આટલુ જ નહીં, પરંતુ આ નાનકડી છોકરીએ ચાર્મિંગ કલાકાર સલમાન ખાન અને બોબી દેઓલને એક રેસનો પડકાર ફેંકીને તેની સાથે સ્પર્ધા કરવાનું કહેવામાં આવ્યું. આ બંનેએ રાજી- ખુશીથી પડકાર સ્વિકાર્યો અને ત્રણેય મસ્તીભરી રીતે નાની ટ્રાય-સાયકલ પર બેઠા અને સેટ પર રેસ લગાડી.આ નાનકડી ઉર્વા ફક્ત સારી સ્પર્ધક જ નથી, પરંતુ આ બંને ફૂટડાઓને હરાવીને સ્પર્ધાની વિજેતા પણ બની! સલમાન અને બોબી બંને તેનાથી ખૂબ જ અભિભૂત થયા અને તેમના સુંદર સહકલાકારો જેકલીન અને ડેઈઝીએ પણ આ પડકાર સ્વિકાર્યો અને તેને પૂરી પણ કરી. બધી જ મસ્તીનો આનંદ, યાદગાર ક્ષણોને અને અદભુત પર્ફોર્મન્સને માણવા અને મનોરંજન કરવા, જોતા રહો ડીઆઈડી લીટલ માસ્ટર્સ, આ શનિવાર અને રવિવારે રાત્રે ૯ વાગે, માત્ર ઝી ટીવી પર.

## ડિગ્નીટી ફાઉન્ડેશન દ્વારા સિનીયર સીટીઝનો માટે કાર્યક્રમ યોજાયો



ડિગ્નીટી ફાઉન્ડેશન દ્વારા ગઈકાલે એએમએ ખાતે સીનીયર સીટીઝનો માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ તજજ્ઞોએ સીનીયર સીટીઝનના કાયદા અને તેમને મળતાં લાભો અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદ પોલીસ કમિશ્નર એ.કે.સિંઘ, યુસીડીના ડાયરેક્ટર ડૉ.યોગેશ, ગુજરાત યુનિવર્સિટીના ડીન ડૉ.પ્રદીપ પ્રજાપતિ, ડિગ્નીટી ફાઉન્ડેશનના પ્રમુખ ડૉ.શીયલુ શ્રીનિવાસન, વાઘબકરી ચાના ચેરમેન પીયુષ દેસાઈ સહિત મોટી સંખ્યામાં સીનીયર સીટીઝનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સીનીયર સીટીઝનો માર્ગદર્શન મળી તેવી માહિતી પુરી પાડવામાં આવી હતી. અમદાવાદમાં આશરે ૬ લાખથી વધુ સિનિયર સીટીઝનો છે. જેની સામે પોલીસના ચોપડે માત્ર ૬ હજાર જ સીનિયર સીટીઝનો નોંધાયેલા છે. આથી આ આંકડો વધુ થાય તે માટે પણ પ્રયાસ ડિગ્નીટી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે. આ અંગે પોલીસ કમિશનર એ.કે.સિંઘે જણાવ્યું હતું કે,અમદાવાદ પોલીસ સિનિયર સીટીઝનોને સુરક્ષા આપવા માટે કટિબદ્ધ છે. આ માટે અમે દરેક પોલીસ સ્ટેશનમાં સીનિયર સીટીઝન સેલ પણ બનાવ્યો છે. હાલમાં અમદાવાદના પોલીસ સ્ટેશનોમાં આશરે ૬ હજાર જેટલા સીનીયર સીટીઝનો નોંધાયેલા છે. આવી સંસ્થાઓ દ્વારા આ આંકડો વધારવા માટે અમે કટિબદ્ધ છીએ. હું દરરોજ નોંધાયેલા બે સીનિયર સીટીઝનોને ફોન કરી તબિયત પુછું છું. પોલીસ સીનિયર સીટીઝનો માટે વિશેષ સુરક્ષા પણ આપી રહી છે. ગુજરાત યુનિવર્સિટીના ડીન ડૉ.પ્રદીપ પ્રજાપતિએ એક રીપોર્ટ અંગેની વાતચીત કરી હતી. જેમાં મોટાભાગના સીનિયર સીટીજનોને તેમના ખર્ચ માટે પરિવારજનો ઉપર નિર્ભર રહેવું પડે છે. ૬૦ વર્ષ પછી દરેક વડીલ સાથે મૌખિક, શારીરિક, લાગણીશીલ અન્યથાનો સામનો કરવો પડતો હોય છે. આ કાર્યક્રમમાં સીનિયર સીટીઝનને થયેલ મુશ્કેલી માટેના બે કેસ પણ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં એક કેસમાં પોતાના જ પિતાને સંપત્તિ માટે પુત્ર હાઈકોર્ટ લઈ ગયો હતો. જે એક સનસનાટીભર્યો કેસ કહી શકાય. ડિગ્નીટી ફાઉન્ડેશનના શીયલુ શ્રીનિવાસને જણાવ્યું હતું કે, ડિગ્નીટી ફાઉન્ડેશનનું મિશન દરેક વૃદ્ધ લોકો જીવનમાં ગૌરવ અને સલામતી સાથે જીવન જીવવા સક્ષમ છે.

## એક વૃક્ષને જોઈને તમારૂં મન પ્રસન્નતાથી ભરાઈ જાય તો તમારો સત્સંગ થઈ ગયો

સત્સંગનો અર્થ એટલો ટૂંકો પણ નહીં કરતાં. એક નદી વહેતી હોય, તમે એને જોતા જોતા યમુના નદીની યાદ આવી, મા ભાગીરથીની યાદ આવી તો એ નદી તમારા માટે સત્સંગ છે

'રામચરિતમાનસ'ને તમે ત્રણ ભાગમાં વહેંચી શકો-આહુતિ, આસક્તિ અને આરતી. આમાંથી જે આસક્તિ છે તે અશાંતિ લાવે. પણ ભક્તિમાર્ગમાં આસક્તિ' ખરાબ શબ્દ નથી. સત્સંગ દ્વારા આસક્તિનું રૂપાંતર કરવું પડે. આપણા મૂળ સ્વભાવમાં આપણે પહોંચીએ. આપણા મૂળ એડ્રેસે આપણો નિવાસ થાય. ધરતીના તમે રહેવાસી નથી. અહીંના તો તમે પ્રવાસી છો. રહેવાસી તો આકાશના છો. ખબર નહિ કયો સિતારો ખરીને નીચે આવ્યો હોય! અનંત અને વિરાટના આ ગગનનાં ગોખમાં ભૂલા નહિ પડો. અમુક ભ્રાંતિ તૂટે એટલા માટે સત્સંગની જરૂર છે કે તમારું સ્વરૂપ પાછું મળે. સત્સંગનો અર્થ એટલો ટૂંકો પણ નહિ કરતા. એક વૃક્ષને જોઈને તમારું મન પ્રસન્નતાથી ભરાઈ જાય તો એ વૃક્ષ સાથે તમારો સત્સંગ થઈ ગયો. એ વૃક્ષ તમારા માટે કલ્પવૃક્ષ છે. એક નદી વહેતી હોય, તમને એને જોતા જોતા યમુના નદીની યાદ આવી, મા ભાગીરથીની યાદ આવી, તો એ નદી તમારે માટે સત્સંગ છે.

કોઈએ સુંદર વાજિંત્ર વગાડયું, એ વીણાના તાર સાથે આંતરવીણા પણ ઝણઝણી ઊઠી તો એ સત્સંગ છે. કોઈનાં દર્શન થયાં, મનની બધી જ પાંખડીઓ ખૂલવા માંડી, તો એ સત્સંગ છે. સત્સંગની ખૂબ વિશદ્ વ્યાખ્યા છે. તેથી કોઈ પણ પ્રકારના સત્સંગની મને ને તમને જરૂર છે, જે મને ને તમને મૂળ નિવાસનું ભાન કરાવે. નિવાસ તો મૂળ ગગનનો, આકાશમાં રહેનારા છીએ. અહીં તો ફરવા આવ્યા છીએ, એટલે તો સૌરાષ્ટ્રના સંતોએ ગાયું છેઃ ગગન ઘટમાં રમવાને આવો, અવિનાશી પદમાં જઈને મ્હાલો... ગગન ઘટમાં વાહન ધરતીનું છે. પાયા ધરતી પરના હોઈ શકે. દેહ ધરતી પર છોડી દઈએ છીએ, પણ અંદરનું મૂળ તત્વ તો ગગનનું છે. ગામડાનો દેશી ભગત કેટલી મોટી વાત કરે છે! બધાંને નિમંત્રણ આપે છે. અષાઢ મહિનામાં મેઘની ગર્જના થાય, ત્યારે સૌરાષ્ટ્રમાં લોકો કહેઃ કૃષ્ણ, બલરામ ગેડીદડે રમે છે, એ નિમંત્રણ આપે છે. તમે કાદવના છોરુ નથી. તમે નિર્મલ નીરનાં સંતાન છો. એ મૂળ તત્ત્વની યાદી છે. પણ એ ભાન કરાવવા સત્સંગની જરૂર છે. મારું, રામચરિતમાનસ કહે છે કે, ગુરુ વિવેકનો સાગર છે. વિવેક ચાર રીતે મળે છે. એક તો માગો, જેમ શતરૂપાએ માગ કરી હતી. 'માનસ'માં એક વિવેક મળશે અરણીમંથનથી. ખુદનું મંથન કરવાથી, ચિંતન કરવાથી વિવેક પ્રાપ્ત થશે અથવા સત્સંગથી મળશે અને સત્સંગનો મારો અર્થ બહુ વ્યાપક છે. મૂક સત્સંગ પણ એક સત્સંગ છે.

એક સારી કવિતા, ભજન, સુગમસંગીત, લોકગીત સાંભળો તો એ પણ સત્સંગ છે. સારી માનસિકતાથી જે કંઈ પણ ગાઓ તે સત્સંગ છે. આદરભાવથી દરેક વિદ્યાની ઉપાસના કરો તો એ સત્સંગ છે. અવિદ્યા માત્ર કુસંગ છે. અવિદ્યાનો મતલબ છે અપવિત્ર માની લેવું, દુઃખને સુખ માની લેવું, અનાત્મને આત્મ માની લેવું.આપણે મહાપુરુષોના આશ્રયમાં, ગુરુના આશ્રયમાં બેસી જઈએ છીએ ત્યારે વિવેક આપોઆપ જ આવી જાય છે. ગુરુ પાસેથી બીજું શું મેળવવાનું હોય? બુદ્ધિ, સંપત્તિ, પ્રતિષ્ઠા? સદ્ગુરુ પાસેથી શું મળે? મેળવવા જેવો તો છે વિવેક. ગુરુ જ્યારે એવો વિવેક આપશે ત્યારે મન દોષથી મુક્ત થઈ જશે અને શુભતત્ત્વમાં લાગી જશે. પરંતુ એ કેવો વિવેક? 'માનસ'માં તુલસીદાસજીએ કેટલી બધી પંક્તિઓ લખી છે!તુલસી કહે છે, આ સંસારમાં સારું અને ખરાબ બધું પરમાત્માએ બનાવ્યું છે. અને પછી સારું અને ખરાબ શું છે એનો વિવેક વેદોએ કર્યો છે. પરમાત્માની સૃષ્ટિ સદ્-અસદ્થી મિશ્રિત છે. આ બધાં જ દ્વંદ્વ વિધાતાએ બનાવ્યા છે. દેવ-દાનવ, શ્રેષ્ઠ-નિકૃષ્ટ,માયા-બ્રહ્મ, જીવ-જગદીશ, ભિખારી-સમ્રાટ, સ્વર્ગ-નર્ક બધા પ્રપંચ વિધાતાના છે. ઈશ્વર જ્યારે માણસને વિવેક આપે છે ત્યારે માણસ એમાંથી શુભ-શુભ લઈ લે છે અને વિકારોને છોડી દે છે. એટલે મારું સ્પષ્ટ માનવું છે કે વિવેક શિષ્યની સંપદા છે અને પરમ વિવેક ગુરુની સંપદા છે. વિવેક એટલે અગ્નિ. તુલસીદાસજી કહે છે કે વિવેકરૂપી અગ્નિને પ્રગટ કરવા માટે રામકથા એક અરણીમંથન છે. જેવી રીતે બે લાકડાંને ઘસવાથી અગ્નિ પેદા થાય છે, તેમ રામકથા સાંભળવી એ બધું મંથન છે. એમાંથી વિવેકનો અગ્નિ પ્રગટ થશે. સત્સંગ વિના વિવેકની ઉપલબ્ધિ નથી.શ્રીમદ્ રાજચંદ્ર, એમણે પરમાત્મા માટે એક શબ્દ વાપર્યો છે... પુરાણપુરુષ. હે પુરાણપુરુષ! તારી પ્રાપ્તિ અમને થાય કે કેમ એની અમને ખબર નથી. અને હા, રાજચંદ્રે એમ કહી દીધું કે તારી પ્રાપ્તિ ન થાય તો પણ કંઈ ચિંતા નહિ, ખોટું લગાડીશ નહિ. પણ હે જગદીશ! હે પુરાણપુરુષ! એટલી કૃપા જરૂર કરજે કે તારા સત્પુરુષોનો સંગ અમને જગતમાં મળ્યા કરે. ક્યો કિ સંત યે અનંતકાલીન હૈ. સંત યે ભગવંત કી પ્રતિકૃતિ હૈ. તુલસીદાસજી વર્ણન કરે છે સંત મળે તો આખું જીવન પરિવર્તિત થાય.પ્રયાગમાં સ્નાન કરવાથી પાપ ધોવાય છે, ચોક્કસ ધોવાય છે. પણ જીવ મૂળમાંથી ફરતો નથી. માણસ પાછો શરૂ કરી દે છે, એવું વિચારીને કે વર્ષ પછી પાછા જઈ આવીશું! પાપ ધોવાનું કામ ત્રિવેણી જરૂર કરે, પણ જીવનનું આમૂલ પરિવર્તન તે નથી કરી શકતી. જ્યારે સંતના સંગમાં રહેવાથી જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે. સંતના પ્રયાગમાં જેણે સ્નાન કર્યું તેનું જીવન મૂળમાંથી ફરશે. કેટલાયે માણસોએ સત્સંગથી ગતિ કરી છે. બાબાજી કહેઃ જગતમાં જેને જેને મોટાઈ મળી છે તે સત્સંગથી મળી છે.લોકમાં કે વેદમાં સત્સંગ સિવાય બીજો ઉપાય, બીજો વિકલ્પ નથી. ઈશ્રવર પાસે કોઈ દિવસ માગો નહિ. અને માગ્યા વિના ન રહેવાય તો આટલું માગોઃ અમને કોઈ સંતનો સંગ આપો, કે જે અમારા તન-મનને શાંત કરે, અમારા મનને સ્વાન્તઃ સુખથી ભરી દે. એવા કોઈ સંતની અનુભૂતિ કરાવો. માગવા જેવું બીજું શું હોઈ શકે? બધાં પ્રારબ્ધ લઈને આવ્યાં છે. કોઈ એવા સંત મળી જાય તો જીવનની આખી દૃષ્ટિ બદલાઈ જાય.

## યુરો સ્કૂલ અમદાવાદનું ૧૦૦ ટકા પરિણામ



અમદાવાદ

સીબીએસઈ બોર્ડના જાહેર થયેલા ધોરણ ૧૦ ના પરિણામમાં યુરો સ્કૂલ અમદાવાદનું ૧૦૦% પરિણામ જાહેર થયુ છે. શાળામાં ક્રિષ પર્સવાની ૯૩.૮૦% સાથે શાળામાં પ્રથમ રહ્યો હતો. સુહાની જાની ૯૩.૮૦%, કથા પુરવાર ૯૨.૮૦% અને સ્તુતી પટેલે ૯૨% પ્રાપ્ત કરીને શાળાને ગૌરવ અપાવ્યુ હતું. ઉત્તમ ગુણ સાથે ઉત્તીણ થયેલા આ તમામ વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય શિક્ષકોની મહેનત અને પ્રેરણાને આપ્યો હતો. શાળા પરિવારે તમામને અભિનંદન આપ્યા હતાં અને સન્માનિત કર્યા હતાં.

શ્રમદાનથી મધ્ય પ્રદેશના જામલી ગામે જળક્રાંતિનો પ્રારંભ

# અંગ્રેજ કાળમાં એશિયામાં સૌથી ગુનાહિત - હિંસક પ્રદેશનું ''ગાંડી જામલી'' બનશે ''દિવ્યગ્રામ જામલી''



ડીસા

અંગ્રેજોએ તેના ઈતિહાસમાં નોધ્યું છે કે એશિયાના અફઘાનિસ્તાનથી મ્યાનમાર સુધીના અંગ્રેજી શાસનમાં સૌથી વધુ આંતરિક હત્યા મધ્યપ્રદેશના આદીવાસી પ્રદેશ અલીરાજપુર જિલ્લામાં રોજ ૭ થી ૧૦ હત્યા થતી હતી. આ આલીરાજપુર જિલ્લાના સોંડવા તાલુકાના જામલી ગામમાં ભુવાના પાખંડમાં દર શનિવારે ૪૦-૫૦ બકરાની બલી પણ ચઢતી. વેટમાર્ગુ, સાધુ અને ૨૦ થી ૩૦ ના સમુહમાં આદીવાસીઓ મામેરુ લઈને જતા હોય તો તીરકામઠા - ભાલાથી આંતરીને લૂંટીલે એથી ગુજરાતની સરહદનું જામલી ગામ પણ રાજયમાં ગાંડી જામલી તરીકે કુખ્યાત થયેલું!

આવી ગાંડી જામલીમાં જળક્રાંતિના પ્રણેતા મનસુખભાઈ સુવાગીયા, રતન ભગત રાઠવાને સાથે લઈને ગયા તો દરેક તાળીના ઝાડ ઉપર દારૂના ત્રણ માટલા લટકે ! મનસુખભાઈ સુવાગીયાએ પોતાના દીકરા કશ્યપના લગ્ન પ્રસંગે આદીવાસી પ્રદેશમાં એક ચેકડેમનો સંકલ્પ કરેલો એ સંકલ્પ સાકાર કરવા લોક હૃદય પરિવર્તન કરવા અને કુખ્યાત જામલી ગામમાં જળક્રાંતિનું બીજ રોપવા ગ્રામસભા લઈ, ચેકડેમનું ખાત મુહૂર્ત કર્યું અને ગ્રામજનોના હાથમાં બે લાખ રૂપિયા અર્પણ કર્યા! મનસુખભાઈ સુવાગીયા દ્રઢ પણે માને છે કે માનવના હૃદય પરિવર્તન માટે પોતાના ખરા હૃદયનો પ્રેમ, સેવાની શુધ્ધ ભાવના, વિશ્વાસ અને સમર્પણ અનિવાર્ય છે. કુખ્યાત જામલીના લોકોએ સામુહિક શ્રમદાનથી દર્શનીય ચેકડેમ બાંધી દીધો. મનસુખભાઈના સતત બે માસના માર્ગદર્શન લાગણી - પ્રોત્સાહનથી ચમત્કાર સર્જાયો. ગરીબ - અભણ અને વર્તમાન જગતથી અજ્ઞાત આદિવાસીઓને મનસુખભાઈમાં તારણહારના દર્શન થયા. તા.૨૩/૫/૨૦૧૮ ના રોજ ગ્રામજનોએ વાજતે ગાજતે મનસુખભાઈ સુવાયીયાનું સામૈયું કર્યું. વર્તમાન યુગના ક્રાંતિપુરૂષ મનસુખભાઈ સુવાગીયાએ સમગ્ર ગ્રામજનોને નવા ચેકડેમ પાસે વિશાળ દેશી આંબાના છાંયે સંપૂર્ણ હિંસામુક્તિ - શિકાર મુક્તિ - દારૂમુક્તિ - તમાકુમુક્તિ - ગુટખામુક્તિ અને શ્રમદાનથી ૧૧ ચેકડેમની યોજના સાકાર કરવાનો ઐતિહાસિક સંકલ્પ લેવડાવ્યો. જળક્રાંતિ ટ્રસ્ટ અને જળપ્રેમી - ગોપ્રેમી દાતાઓ - મહાજનોના સહયોગથી જામલીને મધ્યપ્રદેશનું પ્રથમ જળક્રાંતિગ્રામ બનાવાશે. જામલીમાં સંપૂર્ણ જળરક્ષા, ઘેર ઘેર માલવી ગાયોનું પાલન અને સંવર્ધન, ગાય આધારિત કૃષિ, જાતવાન દેશી આંબા અને ઉત્તમ ફળઝાડ વાવેતરથી ગાંડી જામલીને (દિવ્યગ્રામ જામલી) બનાવાશે. આ યોજનાથી સદીઓથી વંચિત આદિવાસી પ્રજાનો આર્થિક, માનવીય અને સામાજિક ઉત્થાનનો મનસુખભાઈ સુવાગીયાનો સંકલ્પ છે. એથી જ ઉનાળાના ધોમધખતા તાપમાં તેઓ ૧૦૫ દિવસથી આદિવાસીઓ સાથે રાત - દિવસ જાતે શ્રમદાન અને સભાઓ કરે છે. આ પ્રસંગે ભેખડિયાના આદિવાસી આગેવાન અને જળક્રાંતિ ટ્રસ્ટના ટ્રસ્ટી રતન ભગત રાઠવાએ જણાવેલ કે મનસુખભાઈ સુવાગીયાની પ્રેરણાથી ગાંડી જામલીનું માનસ પરિવર્તન

અને સત્કર્મનો શુભારંભ એ વાલિયામાંથી વાલ્મીકી સર્જનની ક્રાંતીકારી ઐતિહાસિક ઘટના છે. જામલી ગામ ભેખડીયા ગામની જેમ જ દેશના એક લાખ આદિવાસી ગામો અને સમગ્ર દેશને પ્રેરક ગામ બનશે જ ગામના યુવાનો વગેસંગ રાઠવા, નરોતમદાસ મહારાજ અને સમગ્ર ગામના ભાઈ - બહેનો ગાંડી જામલીને દિવ્યગ્રામ જામલી બનાવવા કાર્યરત થયા છે.

# થરામાં શ્રી નિલકંઠ મહાદેવ મંદિરના વાર્ષિક પાટોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓ


યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના વિકાસશીલ થરા નગરમાં હાઈવે સ્થિત શ્રી નિલકંઠ મહાદેવ મંદિર નું ભવ્ય મંદિર નિર્માણ પામેલ.જેનો વાર્ષિક પાટોત્સવ સવંત ૨૦૭૪ ના દ્વિતિય જેઠસુદ -૮ ને બુધવાર તા.૨૦/૦૬/૨૦૧૮ ના રોજ યજ્ઞ કાર્યના આયોજન ની ભવ્ય ઉજવણી ની તડામાર તૈયારી ચાલી રહી છે.

કહેવાય છે કે ભગવાન ભોળાનાથની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પ્રથમ વાર્ષિક તિથિના યજ્ઞનું મહત્વ અતિ લાભદાયી, યશસ્વી તેમજ સુખાકારી હોય છે.આ પ્રસંગે લાભ લેનાર મનુષ્ય ને અનેકગણું ફળ મળે છે. ભાગ્યશાળી દમ્પતી આ યજ્ઞનો લાભ લઈ શકે તેના માટે ઉછામણી રાખેલ છે આ ઉછામણીમાં જે ભાઈ-બહેન વધારે રકમ લખાવશે તેમને સજોડે યજ્ઞમાં બેસવાનો લાભ મળશે.યજ્ઞમાં એકજ દમ્પતી સજોડે બેસી શકશે.

ઉછામણી તા. ૧૭/૦૬/૨૦૧૮ ના રોજ બંધ થશે.ઉછામણીમાં દરરોજ મંદિરના પરિસરમાં બ્લેક બોર્ડમાં નામ નોંધવામા આવસે.જે ભાગ્યની રકમ વધારે હશે તેઓને સજોડે યજ્ઞમાં બેસવાનો લાભ મળશે. તેમ મંદિરના ટ્રસ્ટીઓએ જણાવેલ.

# આસોદર પ્રા.આ.કે.ખાતે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ કરાયું


શ્રવણ સાધુ

પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાના આસોદર ગામમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તારીખ ૫ જૂન ના રોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે આરોગ્ય કેન્દ્રના હેમરાજભાઈ પટેલ, કરમશીભાઈ ચૌધરી, શ્રવણભાઈ સાધુ તથા અન્ય સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણનું સંરક્ષણ એ આપણી જવાબદારી છે એવો સંદેશ આપ્યો હતો.

# દાંતીવાડા તાલુકામાં રાવસા પરિવાર દ્વારા વ્યક્તિગત વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ !


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

બનાસકાંઠા જિલ્લામાં દિનપ્રતિદિન વૃક્ષોનું નિકંદન થઇ રહ્યું છે જેના કારણે ગરમીમાં પણ વધારો થઇ રહ્યો છે તેમજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દાંતીવાડા તાલુકામાં રાવસા પરિવાર દ્વારા વ્યક્તિગત વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી તેમજ જે વૃક્ષોનું રોપણ કરેલ તે વૃક્ષોના રક્ષણ અને ઉશેરવા માટે વ્યક્તિગત જવાબદારી લઈ સમાજ માટે ઉત્કુષ્ઠ ઉદાહરણ પૂરું પાડેલ.

# ડી.બીયર્સ 'મેઈન મેડ હીરા' નો વેપાર કરશે : ભારતીય હીરાબજારમાં ફફડાટ પેદા થયો

ડીસા

ડી.બીયર્સ વિશ્વના હીરાના વેપારની મોટી કંપની છે. વિશ્વના હીરાના ઉત્પાદકોને કાચો પુરવઠો પૂરો પાડવામાં મોટો હિસ્સો ધરાવે છે. આ કંપની નેચરલ હીરાની સાથે લેબમાં બનાવેલા 'મેઈન મેડ' હીરાના વેપારમાં જઈ રહી છે. આ હીરાઓ ફેશન જવેલરીમાં ઉપયોગ થતો હોવાથી આ ધંધામાં કંપની પ્રવેશ કરી છે, કારણ કે નેચરલ હીરાના ભાવ કરતાં 'મેઈન મેડ' હીરા અડધા ભાવે વેચી બજારને કબજામાં લેવું છે.આ મેઈન મેડ હીરા એક્ષફોર્ડ શહેરની ૧૬ માઈલ દૂર વ્હાઈટ ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગમાં અંતરીક્ષ યાન જેવા અવાજ કરતા મશીનો બહુ જ ટેમ્પરેચર અને પ્રેશરવાળા હોય છે. નેમાં આ હીરા બને છે. જે નેચરલ હીરા પૃથ્વીના ભૂગર્ભમાં બનતા હતા, જેને અબજો વર્ષ લાગતા હતા તે હવે આવા મહીનોથી થોડાક દિવસોમાંડાઘ વગરના ચોખ્ખા હીરા તૈયાર થાય છે. આ જગ્યાને એલીમેન્ટ એક્સ સેન્ટર તરીકે ઓળખાય છે. ડી.બીયર્સ કંપનીએ ૨૦ મી સદીથી લઈને આફ્રિકાની ખાણોમાંથી નીકળતા કુદરતી હીરા વિશ્વના ગ્લોબલ ડાયમંડ માર્કેટને પકડી રાખ્યો હતો. ડી.બીયર્સ કંપનીએ કુદરતી હીરાથી ભરોસામાં લીધા હતા. તેવી જ રીતે મેઈન મેડ હીરાના વેપાર ઉપર કબજો લેવા માગે છે. નેચરલ હીરા લકઝરીયસ ચીજ છે, જયારે મેઈન મેડ ડાયમંડ ફેશન માટે છે. ગયા વર્ષમાં ગ્લોબલ માર્કેટમાં હીરાનો વેપાર ૧૪૨ મિલિયન ડોલરનો હતો, જેમાં ૪.૨ મિલિયન ડોલરનો વેપાર મેઈન મેડનો હતો. દિવસે દિવસે આ વેપાર વધી રહ્યો છે.

મુંબઈ ડાયમંડ મર્ચન્ટ્સ એસોસિયેશનના કારોબારી સભ્ય જયંતિલાલ શાહે જણાવ્યું હતું કે મેઈન મેડ હીરાના ઉત્પાદન વધવાથી ફેકટરીના રત્નકલાકારો, એસોટર્સો, નાના ટ્રેડર્સોને કોઈ નુકશાન નહીં થાય, પણ નેચરલ હીરાનો વેપાર કરનાર વેપારીઓને નુકશાન થવાનો સંભવ છે. નાઈન ડીએમના સંજય શાહે જણાવ્યું હતું કે સ્વરૂસ્કી, અમેરિકન ડાયમંડ, કલ્ચર ડાયમંડ જેવા હીરાઓની માગ ઘટી જશે.ડી.બીયર્સના મેઈન મેડ હીરાની ફેશન જવેલરીનો વેપાર શરૂ થવાના સમાચાર ભારતીય હીરા ઉદ્યોગમાં મળતા હીરાના અમુક વેપારીઓની બંધ બારણે મિટિંગ મળી હતી. દરેક વેપારીઓએ જણાવ્યું હતું કે કુદરતી હીરાની કિંમત ઘટી જશે, જેનાથી કુદરતી હીરાના વેપારીઓને નુકશાન થશે તેવા પ્રત્યાઘાતો પડ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે એગ્રીકલ્ચર ક્ષેત્રમાં કારકિર્દી અને તકો વિષયક સેમિનાર યોજાયો



પાલનપુર

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની એગ્રીબિઝનેશન મેનેજમેન્ટ કોલેજ, ચી.પ.કૃષિ મહાવિધાલય અને કાઉન્સેલીંગ એન્ડ પ્લેવસમેન્ટ સેલ દ્વારા તા. ૪ અને ૫ જૂનના રોજ સીઝીંગ કેરીયર એન્ડ ઓપરચ્યુનીટીઝ ઈન એગ્રીકલ્ચર ડોમેન વિષયક બે દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપનું ઉદઘાટન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડાૅ.અશોક પટેલ, ડાૅ.એમ.આર. પ્રજાપતિ, એગ્રીકલ્ચર કોલેજના આચાર્યશ્રી, વિધાર્થી કલ્યાણના નિયામકશ્રી ડાૅ.વી.આર.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિધાર્થીઓને ઉજજવળ કારકિર્દી માટે પોતાના ધ્યેય મુજબ આયોજન બધ્ધ રીતે આગળ વધવા તેમણે જણાવ્યું હતું.

આ વર્કશોપમાં બાયોજીન પ્રા.લિ.ના એમ.ડીશ્રી ડાૅ.પી.પી.ઝવેરી, બાયર-મુંબઈના શ્રી રાજેન્દ્ર અખાણી, નવસારી કૃષિ યુનિવર્સિટીનાશ્રી ડાૅ.મેહુલ ઠક્કર, સ્પીપા-અમદાવાદના શ્રી બ્રિજેશ પટેલ, શ્રી યુવરાજ એગ્રી કેરીયર દિલ્હી દ્વારા બીજ, ખાતર, પેસ્ટીસાઈડસ, સિંચાઈ, ઈન્ટરવ્યુ ટેકનીકસ તથા કૃષિ અને સંલગ્ન અભ્યાસ થકી દેશ અને વિદેશમાં રહેલ વિવિધ ઉધોગ સાહસિકતાની તકો, વ્યક્તિત્વ વિકાસ જેવા વિષયો ઉપર વિધાર્થીઓને જ્ઞાન અને માહિતી પુરી પાડવામાં આવી હતી. જેમાં સારી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા દ્વારા સામાજીક કાર્યકરનું સન્માન



ડીસા

વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સેવા કરતા મહાનુભાવોનું કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસાના પ્રમુખ ચંદુભાઈ એટીડી અને મિત્રો દ્વારા જાહેર સન્માન કરવામાં આવે છે. તાજેતરમાં તારીખ ૩૧-૫-૨૦૧૮ ના ટોબેકો મુક્તિ દિવસ નિમિત્તે ડીસાના સામાજીક કાર્યકર ઓમપ્રકાશજી વારડેએ ટોબેકો ફ્રી ડે નિમિત્તે પેઈન્ટીંગ કામ કરનાર ૨૫ બાળકોને ગીફ્ટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત ઓમપ્રકાશભાઈ વારડે ૨૦૧૦-૧૧ માં રોટરી ક્લબ ડીસાના પ્રમુખ અને ૨૦૧૩-૧૪ માં ડીસ્ટ્રીક્ટ ૩૦૫૧ ના આસિસ્ટન્ટ ગવર્નર પણ રહી ચુક્યા છે. ડીસાની સર્વોદય હાઈસ્કુલના ટ્રસ્ટી તેમજ સુભાષ ક્રેડીટ મંડળીના ડિરેક્ટર એવા ઓમપ્રકાશજી વારડે અખિલ ભારતીય બ્રહ્મક્ષત્રિય સમાજ શૈક્ષણિક સંસ્થાન જયપુરના જોઈન્ટ સેક્રેટરી પણ છે. કલાસૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા દ્વારા તેમને સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરાયું હતું. આ સન્માન અવસરે ચંદુભાઈ એટીડી, કનુભાઈ આચાર્ય, જયંતિભાઈ ઓઢાવાળા, ભગવાનભાઈ બંધુ, નાથાભાઈ ખત્રી, પ્રવિણભાઈ નાઈ ( રતનગઢ), પ્રહલાદભાઈ સહયોગવાળા, જગદીશભાઈ વાઘેલા, પારસભાઈ ત્રિવેદી, જયેશભાઈ દેસાઈ, ચંદ્રકાંતભાઈ ખત્રી સહિત વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે નાથાભાઈ ખત્રીએ પોતાના જીવન અનુભવો આધારિત ''મારું જીવન નૃત્ય-આનંદ'' પુસ્તક પણ ઓમપ્રકાશભાઈ વારડે અને શ્રીમતી દુર્ગાબેન વારડેને ભેટ આપ્યું હતું. ઓમપ્રકાશભાઈ વારડે શાળાઓમાં ભણતાં ગરીબ છે. છોકરાંઓની ફી ભરવાનું તેમજ જરૂર પડે પુસ્તકો, ડ્રેસ, નોટબુકો આપવાનું પણ મહત્વનું કામ કરે છે. ઓમપ્રકાશભાઈ વારડે અને તેમનું સમગ્ર વારડે પરિવાર ડીસામાં વર્ષોથી રહે છે અને અનેકવિધ સેવાકાર્યો સાથે સંકળાયેલું છે જે આનંદ, ગર્વ અને ગૌરવની બાબત છે.

વડોદરાના વ્રજધામ મંદિરમાં

# સૂકો મેવાના છપ્પનભોગ મનોરથ અને પુરુષોત્તમ યજ્ઞનો લાભ લેતા ભાવિકો


મનીષ જોશી

વડોદરા

વડોદરાના આધ્યાત્મિક સંકુલ વ્રજધામ મંદિરમાં ૧૫૦૦ કિલો સૂકો મેવાના છપ્પનભોગનો મનોરથ યોજાયો હતો.તેમજ પુરુષોત્તમ યજ્ઞનો લાભ પણ ભાવિકોએ લીધો હતો.

વડોદરાના માંજલપુર વિસ્તારના આધ્યાત્મિક સંકુલ વ્રજધામ મંદિરમાં પવિત્ર પુરૂષોતમ માસ નિમિતે તા. ૩ ને રવિવારે શ્રી ગિરિરાજ પ્રભુને ૧૫૦૦ કિલો સૂકો મેવાનો છપ્પન ભોગ ધરાવાયો હતો. તેના દર્શનનો લાભ મોટી સંખ્યામા વૈષ્ણવજનોએ લીધો હતો. અને સોમવારે સંકુલમાં ચાલી રહેલા પુરુષોત્તમ યજ્ઞમાં વહેલી સવારે ચાર વાગ્યે ૧૦૦ વિધાર્થીઓએ યુવા વૈષ્ણવાચાર્ય વ્રજરાજ કુમાર મહોદયશ્રીના સાનિધ્યમાં આહુતિ આપ્યા બાદ ગૌ પુજન , ગિરિરાજ પરિક્રમા અને મંગળા દર્શનનો લાભ લીધો હતો.

# ડી.જે.એન. મહેતા હાઈસ્કૂલ જુનાડીસાની વધુ એક સિધ્ધિ

જુનાડીસા

જ્ઞાન, સેવા, સંસ્કારનો ત્રિવેણી સંગમ એવી ડી.જે.એન. મહેતા હાઈસ્કુલ જુનાડીસામાં માર્ચ ૨૦૧૮ માં લેવાયેલ એસ.એસ.સી. તથા એચ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં શાળાના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યુ છે. જેમાં એસ.એસ.સી.માં શાળાનું પરિણામ ૭૩.૪૯ % આવેલ છે. જેમાં પ્રથમ ક્રમ જોષી હરેશ એમ. ૯૬.૭૬ બીજા ક્રમે ઓડ તરૂણ ડી. ૭૩.૦૧, ત્રીજા ક્રમે પ્રજાપતિ સચીન એ. ૯૨.૮૯ તથા મેમણ સુજાન એમ. એ ૯૧.૬૭ જેવા સિધ્ધિદાયક પર્સેન્ટાઈલ રેન્ક મેળવેલ છે.જયારે એચ.એસ.સી. (ધો-૧૨) માં શાળાનું પરિણામ ૮૧.૬૨ % આવેલ છે. ધો.૧૨ માં પ્રથમ ક્રમ મેવાડા સુનિલ એન. ૯૯.૮૫(તાલુકા પ્રથમ) બીજા ક્રમે ઘોરી આરઝુ એમ. ૯૮.૮૪ ત્રીજા ક્રમે સોલંકી કથળસિંગ ૯૮.૮૦ તથા ઘાસુરા લુબ્ના ડી. તથા મોદી ધવલ આર. ૯૭.૯૯ પર્સન્ટાઈલ રેન્ક મેળવેલ છે. જયારે ધો.૧૨ માં શાળાના ૧૮ વિદ્યાર્થીઓએ ૭૦ % થી વધારે ૩૪ વિદ્યાર્થીઓએ ૬૦ % થી વધારે ગુણ લાવીને શાળા પરિવાર પોતાના માતા- પિતા તથા સમગ્ર જુનાડીસા ગામનું નામ રોશન કર્યું છે.

તમામ વિદ્યાર્થીઓને તથા શાળા પરિવારને શાળાના સફળ સુકાની પી.વી.મહેતાએ અભિનંદન આપીને વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશિષ આપ્યા હતા.

# દાંતીવાડા ખાતે ઘન કચરાના નિકાલનુ ખાતમુહુર્ત કરાયું

દૉતીવાડા

દાંતીવાડા ગ્રામ પંચાયતના સ્મશાન ભુમિ ની બાજુ સુકા અને લીલા ધનકચરા નિકાલ માટે દાંતીવાડા સરપંચ રણજીતસિંહ વાધેલા હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવેલ. આ સેડ બે લાખ રુપિયા તૈયાર કરવામા આવશે જેનામાં લીલા તેમજ સુકા કચરા માટે બે કુવા બનાવવા આવશે શેરી મહૉલ્લાની સફાઇ કરવામાં આવી હતી અનેઆગમી દિવસોમાં પાંથાવાડા, જેગૉલ ગામમાં ધન કચરા નિકાલ માટે પસંદગી કરવામાં આવેલ છે પ્રસંગે ટીડીઓ બી.કે.જૉષી ધવલભાઈ રબારી ડે.સરપંચ અરજણભાઈ રબારી તલાટી દિપકભાઈ કરેણ, સુરેશભાઈ રાવલ તેમજ ગામજનો ઉપસ્થિત રહેલ.

# બનાસકાંઠા જિલ્લામાં પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

## પ્લાકસ્ટીકનો વપરાશ ઓછો કરવા વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ

પાલનપુર

સમગ્ર રાજયમાં તા. ૫ થી ૧૧ જૂન સુધી પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ થયો છે. તા. ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે બનાસકાંઠા જિલ્લામાં પણ આ અભિયાન હેઠળ પાલનપુર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા રેલી અને સફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલનપુર નગપાલિકાના પ્રમુખ શ્રીમતી નીલમબેન જાનીએ સ્વચ્છતાની રેલીને પ્રસ્થાન કરાવી શહેરમાં સ્વચ્છતા જાળવવા નાગરિકોને અપીલ કરી હતી. આ અભિયાન હેઠળ બનાસકાંઠા જિલ્લાની ૬ નગરપાલિકાઓ અને દિયોદર, લાખણી, અમીરગઢ, દાંતીવાડા, સૂઈગામ, વડગામ, વાવ, દાંતા ગ્રામ પંચાયત તથા વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં વિશાળપાયે સફાઇ હાથ ધરી પ્લાનસ્ટીકનો વપરાશ ઓછો થાય તે માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આ અભિયાન અંતર્ગત તા. ૭ ના રોજ ફળીયાવાર ઘરે ઘરેથી સાફ-સફાઇ. તા. ૮ ના રોજ જે ગામોમાં જુટ/કાપડ/કાગળની બેગોનો ઉપયોગ ન બતાવી શકાય ત્યાં પ્લા સ્ટીક શેડેડ મશીનથી નિકાલનો ઉપયોગ બતાવવો, ભીના કચરામાંથી માઇક્રો કમ્પોસ્ટ પધ્ધતિ દ્વારા ખાતર તૈયાર કરાવવું અને શાળા તથા આંગણવાડીમાં સફાઇ હાથ ધરવી. તા. ૯ ના રોજ પ્લારસ્ટીકનો ઓછો વપરાશ થાય તે માટે ડેમોસ્ટ્રેશન અને સ્વસહાય જુથોની બહેનો દ્વારા બેગો તૈયાર કરાવી તેનું ડેમોસ્ટ્રેશન. તા. ૧૦ ના રોજ ગ્રામ્ય સ્તરે પસ્તી/કબાડીવાળા સાથે સંકલન. તા.૧૧ ના રોજ ગ્રામસભા, ઈનામ વિતરણ સમારોહ યોજાશે.

# ડીસા રીસાલા મંદિરની બાજુમાં જૈન સમાજ દ્વારા ચાલતુ અન્નક્ષેત્ર


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસા રીસાલા મંદિરની બાજુમાં જૈન સમાજ દ્વારા દર રવિવારે અંદાજે પંદર વર્ષથી અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. જેમાં બહોળી સંખ્યામાં ગરીબો ભોજનનો લાભ લે છે.

સખાવતી દાતાઓ પીવા માટે પરબો તથા ખાવા માટે અન્નક્ષેત્ર ચલાવી રહ્યા છે. ત્યારે જૈન સમાજ દ્વારા પણ દર રવિવારે અન્નક્ષેત્ર ચલાવાતા બહોળી સંખ્યામાં ગરીબો પોતાના પેટની ભૂખ સંતોષે છે. જેમાં જૈન સમાજના અગ્રણીઓ જાતે હાજર રહી જાતે ગરીબોને ભોજન પીરસે છે. ભોજનમાં દાળ, મીઠાઈ, પુરી, શાક તથા રસ પુરી આપવામાં આવે છે. જેનાથી ગરીબોને ભાવતુ ભોજન મળતા અનેરો આનંદ મળે છે. જેથી ગરીબોની આંતરડી ઠરે છે.

# લાખણીમાં વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ


નરસિંહ પ્રજાપતી

પ્રતિનિધિ ગેળા

તાલુકા કાનુની સેવા સમિતિ લાખણી વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સમાજમાં પર્યાવરણ વિશે લોક જાગૃતિ ફેલાય તે માટે સેવા સદન લાખણીના કમ્પાઉન્ડમાં શીબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાજર રહેલ વકતાઓએ લોકોને પર્યાવરણ વિશે માહિતી આપી હતી. તેમજ લાખણીના મહે. પ્રિન્સીપાલ સિવિલ જજશ્રીએ જે. વાસુ સાહેબે કોર્ટ કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કર્યુ હતું. જે પ્રસંગે ડી.સી. પરમાર મામલતદાર લાખણી, પ્રજાપતિ પીએસઆઈ આગથળા, તથા લાખણી બારના પ્રમુખ જે.એ. પ્રજાપતિ અને વકીલ મિત્રો હાજર રહ્યા હતા.

